॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગત: સુખાય



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

# ગુરુનિષ્ઠા
## (શ્રી સંતરામ મંદિર - ઉમરેઠના સૌજન્યથી)

– ગોપાલ શાહ

(૧) જો સાધકે ઉચ્ચતમ કક્ષાના ગુરુ પાસેથી મંત્રદીક્ષા લીધી હોય અને છતાં ગુરુને બદલવાનો પ્રશ્ન ઊભો થતો હોય તો સમજવું કે શિષ્યમાં કંઈક ખામી છે, ગુરુમાં કોઈ ક્ષતિ નથી. આવો સાધક જો બીજા ગુરુ પાસે જશે તોપણ તેની જરૂરિયાત પૂરી થશે નહીં. ખરેખર તો શિષ્યે પોતાના જે ગુરુ છે તેમને વળગી રહી પોતાની જ ક્ષતિઓ સુધારવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવો જોઈએ અને ગુરુને બદલવાની વૃત્તિને ત્યજી દેવી જોઈએ.

શાસ્ત્ર કહે છે કે જો આપણે બ્રહ્મનિષ્ઠ વ્યક્તિને આપણા ગુરુ તરીકે સ્વીકારી હોય તો તેમને પૂર્ણપણે વફાદાર રહેવું જોઈએ. ગુરુ-શિષ્ય વચ્ચેનું આધ્યાત્મિક જોડાણ શાશ્વત હોય છે. જો કોઈ સાધક તેના ગુરુ સાથેનું શાશ્વત જોડાણ તોડી અને વિવિધ પ્રકારના સિદ્ધો, જ્ઞાનીઓ અને આચાર્યો પાછળ દોડે, તો તે સાધક આધ્યાત્મિક પથ ઉપર સહેજ પણ આગળ વધી શકતો નથી.

(૨) ગુરુ કરતાં પહેલાં વિચાર કરો અને ગુરુ કર્યા પછી ગુરુના દોષ જુઓ નહીં.

(૩) દૃષ્ટિ એવી ગુણમય બનાવો કે કોઈના દોષ દેખાય નહીં.

### -: ઓમ્ પરિવારના ઉત્સવ :-

ગુરુપૂર્ણિમા : તા. ૧૩-૭-૨૦૦૨, રવિવાર સવારે : ૮ થી ૨

સ્થળ : ઈચ્છાબેનની વાડી, પુષ્પકુંજ પાસે, કાંકરિયા, મણીનગર, અમદાવાદ - ૨૮.

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજનહિતાય - બહુજનસુખાય)

વર્ષ - ૨૦ (જુલાઈ, ઓગષ્ટ, સપ્ટેમ્બર)

VOL - XVIII 2003-2004 ISSUE - I માનદ્ તંત્રી - નૈષધ વ્યાસ

# વિશ્વમહાપર્વ ગુરુપૂર્ણિમા

– યોગભિક્ષુ

ગુરુપૂર્ણિમાનું પર્વ એ કોઈ એક જાતિ, સંપ્રદાય, દેશ કે રાષ્ટ્રનું નથી; તે તો સમસ્ત માનવજાતિનું છે. આપણે જાણતા હોઈએ કે ન જાણતા હોઈએ પણ આપણને સર્વેને ગુરુ છે જ. જેમ આપણે છીએ તો આપણા બાપ છે એ જેટલું નક્કી છે તેટલું જ આપણે છીએ તો આપણા ગુરુ પણ છે એ નક્કી છે; ભલે આપણે કદાચ આપણા ગુરુને જાણતા ના હોઈએ. બાપા તો છે જ પણ બાપાને જો જાણતા ના હોઈએ તો તે, સમાજમાં ઘણું હલકું કહેવાય છે તેમ ગુરુને ન જાણવા તે પણ ઠીક ના કહેવાય. ગુરુ વ્યક્તિરૂપે, મંડળરૂપે કે તત્ત્વરૂપે પણ હોઈ શકે.

જે બાબતમાં આપણે લઘુ (અજ્ઞાન) હોઈએ તેમાં જેઓ આપણને ગુરુ (જ્ઞાનવાન) બનાવે તે આપણા, તે વિષયના ગુરુ કહેવાય. આમ આપણે સૌ જન્મથી મૃત્યુપર્યંત અન્યો પાસેથી જ પ્રાપ્ત કરીકરીને જ જીવતા હોઈએ છીએ. જીવનમાં આપણને જેમના જેમના તરફથી પ્રાપ્તિ થાય છે તેમાંના બહુ થોડાને જ આપણે જાણતા હોઈએ છીએ, મોટા ભાગના પ્રાપ્તિ કરાવનારાઓથી અજાણ જ હોઈએ છીએ.

હાલમાં આપણી પાસે જે કાંઈ ભૌતિક-આધ્યાત્મિક સમૃદ્ધિ છે તે અન્યોની પ્રત્યક્ષ-પરોક્ષ સહાય દ્વારા જ મળેલી છે. જો તે બધું જેમની જેમની પાસેથી મળ્યું છે તેમને સૌને પાછું સોંપી દઈએ તો આપણી પાસે કાંઈ જ ના બચે, શરીર પણ માતા-પિતાએ જ આપેલું છે. આ દૃષ્ટિએ જોતાં વિશ્વનો એકે એક મનુષ્ય ઋણી જ છે.

એવો અભાગિયો મૂર્ખશિરોમણિ કોણ હોય જે ઋણમાંથી મુક્ત થવા ન ઇચ્છતો હોય? સજ્જનને તો પાંચસો-હજાર રૂપિયાનું ઋણ હોય તોય રાત્રે ઊંઘ નથી આવતી, ક્યારે આ ઋણમાંથી મુક્ત થાઉં એમ એ ઝંખતો હોય છે. તો જેઓ પાસેથી અલૌકિક-દિવ્ય આધ્યાત્મિક સમજણ પ્રાપ્ત કરીને માલા-માલ થઈ ગયા હોઈએ તેમના ઋણમાંથી મુક્ત થવા તો આપણું રૂંવાડેરૂંવાડું તલસતું જ હોય ને? આ બધી વાતો તો ઋણ-સ્વીકાર કરનાર સજ્જનો માટે છે. જે મનુષ્ય કોઈ પણ પ્રકારના ઋણનો સ્વીકાર જ ન કરતો હોય તેને શું કહેવું? તેની સ્થિતિ 'નાગાના ફૂલે બાવળિયો, તો કહે મને છાંયો થયો' જેવી છે! 'નાગાની પાંચશેરી ભારે!'

નિશાળમાં ભણીએ અને દર માસે ફી આપી દઈએ, કે પાંચસો રૂપિયા જેમના લીધા હોય તેમને પાછા આપી દઈએ એટલે ઋણમુક્ત થઈ જઈએ છીએ. એવું ઋણ ગુરુસંતોનું નથી હોતું. તેમના તો આપણા ઉપર એટલા બેહદ ઉપકારો હોય છે કે અષ્ટ સિદ્ધિ અને નવ નિધિ તેમના પગમાં મૂકી દઈએ તોય ઓછું છે. ખૂબીની વાત તો એ છે કે જેમને આપણે સર્વસ્વ આપવા ઇચ્છીએ છીએ તેમને આપણી પાસેથી કાંઈ જ નથી જોઈતું. તેમનો તો સ્વભાવ જ આપવાનો, કલ્યાણ કરવાનો છે અને તે જ તેમનો આનંદ અને તે જ તેમની પ્રાપ્તિ છે. હરિ-ગુરુ-સંતોના ઉપકારનો બદલો આપણે કદી વાળી શકતા નથી અને છતાંય વાળવાની ભાવના આપણામાં ઘુમરાયા કરે છે, ઊભરાયા કરે છે. તે ભાવનાની શાંતિ માટે અને અધિકારીઓના સમાધાન માટે પરમ દયાળુ ઋષિ-મુનિઓ મદદે આવ્યા, તે માટે તેમણે ગુરુપૂર્ણિમાનો દિવસ નક્કી કર્યો. તે એટલા માટે કે આ દિવસે સૌ

પ્રેમીઓ મળીને, એક શ્રદ્ધેય વ્યક્તિને નિમિત્ત બનાવીને તેમના ચરણોમાં ઋણમુક્તાંજલિ સમર્પિત કરીને "આપણે પણ ઋણમાંથી મુક્ત થવા માટે કાંઈ કર્યું" એવો લહાવો લઈ શકીએ.

આ રીતે ગુરુપૂર્ણિમા એ તો વિશ્વ સમસ્તનું મહાપર્વ છે. દરેકે દરેક રાષ્ટ્રે આ મહાપર્વ ધામધૂમથી ઊજવવું જોઈએ. આવી સીધી સાદી વાત પણ વિશ્વના પુરંધરોના મગજમાં કેમ નહીં આવી હોય?! અરે બીજાં રાષ્ટ્રોની તો વાત પછી પરંતુ ભારતને પણ આ વાતની યાદ આપવી પડે? યાદ આપ્યા પછીય બેધ્યાન — બહેરા કાંન? બધાં રાષ્ટ્રો પોતપોતાનાં લાગતાં-વળગતાં પર્વો ઊજવે અને ઋષિમુનિઓની દેશ ભારત ઋષિપૂર્ણિમા-વ્યાસપૂર્ણિમા ના ઊજવે એ વાસીદામાં સાંબેલું જવા બરાબર છે. પરદેશવાળા તો આપણી પાસેથી લખવા માટે પેન લે તોય 'થેન્ક યુ' કહે અને આપણે? આપણે આપણું જીવન હરિયાળું અને ફૂલ્યું-ફાલ્યું બનાવનારને પણ ફક્ત દર બાર માસે એક વખત - દર ગુરુપૂર્ણિમાએ થેન્ક યુ કહેવાની વિધિ પણ ન કરી શકીએ? પોતાને ઋષિબાળ કહેવડાવનારની બુદ્ધિ શું આટલી હદે પતન પામી ગઈ છે? શું ફરીને કદી ચડી શકે નહીં એટલી હદે ઊતરી ગયું છે તેનું પાણી?

જો ગુરુપૂર્ણિમાને વિશ્વમહાપર્વ તરીકે ઊજવવામાં આવે તો સુખ-શાંતિના વરસાદ વરસે. એક વખત અખતરો કરીને તેની સચ્ચાઈનો અનુભવ લઈ જોઈએ. પણ આપણી ઓખરવૃત્તિ અંદર જોવાના બદલે બહાર હવાતિયાં મારે છે!

ગુરુપૂર્ણિમાના દિવસે જે કોઈ શ્રદ્ધેય વ્યક્તિમાં ગુરુભાવના રાખીને તેમના ચરણોમાં જે કાંઈ પુષ્પં-પત્રં સમર્પણ કરીએ છીએ તે પરમગુરુ પરમાત્માને પહોંચી જાય છે, જેમ બધી નદીઓ સમુદ્રમાં સમાઈ જાય છે.

જગતની સમસ્ત વિદ્યાઓમાં, જગતની સમસ્ત સમજણોમાં આત્મા-પરમાત્માની વિદ્યા-સમજણ ગુરુ અર્થાત્ અતિ મૂલ્યવાન ગણાય છે. તેથી ગુરુસમજણ આપનારને જ આપણે ગુરુ-સદ્ગુરુ સંબોધનથી સન્માનીએ છીએ.

તીન ટુક કૌપિનકો, અરુ બિન ભાજી-લોન;
તુલસી રઘુવર ઉર બસે, ઈન્દ્ર બાપડો કૌન?

ગુરુસંતોની આવી સ્થિતિ છે. તેમને આપણી પાસેથી કાંઈ જ નથી જોઈતું. આપણે જે કાંઈ કરીએ છીએ તે આપણા સંતોષ-સમાધાન માટે છે.

ગુરુપૂર્ણિમાના દિવસે આપણે સૌ જ્ઞાત-અજ્ઞાત સર્વ ગુરુસંતોને ઋણમુક્તાંજલિ-પ્રેમપુષ્પાંજલિ સમર્પીને પરમ ગુરુ પરમાત્માના અખૂટ ભંડારમાંથી સુખશાંતિના ધોધને આપણી તરફ આકર્ષી લઈએ, કે જે સર્વે જીવો ઉપર એવા વરસે, એવા વરસે કે સૌને નર્યા-નીતર્યા કરીને સ્વરૂપસ્થ કરી દે.

જય ગુરુ પરમાત્મા,
સૌને બનાવો દિવ્યાત્મા.

("પ્રેરણાસિંધુ" પુસ્તકમાંથી સાભાર)

# સુસંસ્કાર પ્રચાર યાત્રા

## ખાખરિયા ટપ્પામાં થયેલ કાર્યક્રમનો પ્રેરણાદાયી અહેવાલ

સંકલન : શશીકાંત પટેલ

વિ.સં. ૨૦૫૮ આસો વદ દશમ, તા. ૩૧-૧૦-૨૦૦૨ના ગુરુવારે ઓમ્ પરિવારના આધ્યાત્મિક વડા પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રીને ચુમ્મોતેર વર્ષ પૂરાં થઈ પંચોતેરમું વર્ષ બેઠું. આ પંચોતેરમા વર્ષને સમગ્ર ઓમ્ પરિવારે પૂજ્યશ્રીની કૃપા-અનુમતિથી "અમૃત મહોત્સવ" વર્ષ તરીકે ઊજવવાનું નક્કી કર્યું. આના અનુસંધાનમાં જુદા જુદા વિસ્તારમાં વસતાં ઓમ્ પરિવારનાં ભાઈ-બહેનો વિશ્વ-સુખ-શાંતિ માટે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવા લાગી ગયાં. અનેક ઠેકાણે અનેક પ્રકારના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

અમદાવાદ ઓમ્ પરિવારે તા. ૧૭-૧૧-૨૦૦૨ના રવિવારે ખાખરિયા ટપ્પાના ગોવિંદપુરા, નદાણ અને ખંડેરાવપુરા મુકામે પદયાત્રા, સ્વાધ્યાય-સત્સંગ જેવા આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કર્યું. આ ત્રણેય ગામમાં રહી પૂજ્યશ્રીએ તેમની યુવાનીમાં કઠિન

યોગસાધના કરેલી અને અનેક આધ્યાત્મિક કાર્યક્રમો દ્વારા 'સાચી સમજણ'નો ખૂબ પ્રચાર-પ્રસાર કરેલો.

ખંડેરાવપુરા ગામમાં પૂજ્યશ્રીના મામા રહેતા. આ ગામમાં રહીને પૂજ્યશ્રીએ પ્રાણાયામના (ભસ્રિકાના) છેલ્લામાં છેલ્લા અતિ ઉત્કૃષ્ટ અનુભવો કરેલા. અહીં પૂજ્યશ્રીના પ્રેમીઓએ પૂજ્યશ્રીને સાધનામાં સાનુકૂળતા રહે તે માટે ગામ બહાર ખેતરમાં એક કુટીર બનાવી આપેલ, જેને ભક્તો યોગ-સાધના કુટીર તરીકે ઓળખે છે.

ગોવિંદપુરા ગામમાં પૂજ્યશ્રી માતા-પિતા-કુટુંબ સાથે થોડો સમય રહેલા અને ત્યાં પણ સાધન-ભજન કરેલું. ગોવિંદપુરા ગામની વાત આવે એટલે પૂજ્ય સંતોકબાની યાદ જરૂર આવે. આપણે રામાયણમાં વાંચ્યુ-સાંભળ્યું છે કે શબરીબાઈ શ્રીરામનાં અનન્ય ભક્ત હતાં. તેમના રોમેરોમમાં શ્રીરામ વસેલા હતા. તેઓ શ્વાસેશ્વાસે શ્રીરામનું જ સ્મરણ કરતાં. ત્રેતાયુગમાં શ્રીરામની ભક્તિ માટેનું, તે એક અજોડ, અનન્ય અને ઉત્કૃષ્ટ પાત્ર હતું. તેવી જ રીતે આ કલિયુગમાં સંતોકબા તેમના રામજી અર્થાત્ પૂજ્યશ્રી પ્રત્યેની નિઃસ્વાર્થ અનન્ય ભક્તિ થકી શબરીબાઈના ભક્તિભાવની અને નિષ્ઠાની આબેહૂબ પ્રતિકૃતિ સમાન હતા. સંતોકબા ગુરુદેવમાં એકાકાર થઈને એવું તો વિરલ જીવન જીવ્યાં કે તે જોઈને ગુરુમહિમાની પંક્તિ યાદ આવી જાય છે – "આખર લગી રહે એકતા તો મનુષ્ય નહીં એ દેવ!" સંતોકબાની જેટલી વાતો કરીએ એટલી ઓછી છે. તેમનું જીવન તો બાવન બહારનું હતું. હાલમાં સંતોકબા હયાત નથી પરંતુ તેમના દીકરા શ્રી ધનજીભાઈ તથા શ્રી દમાભાઈ અને તેમનો પરિવાર છે. તે સૌ પણ પૂજ્યશ્રીના અનન્ય ભક્ત છે.

ઓમ્ પરિવારના આયોજકોએ સત્તરમીના કાર્યક્રમ માટે એવો વિચાર કરેલો કે પ્રથમ નદાણ ગામ જવું કે જ્યાં પૂજ્યશ્રીનો જન્મ થયેલો. ત્યાં ધૂન, સ્વાધ્યાય-સત્સંગ કરી પછી ખંડેરાવપુરા જવું. ત્યાં 'યોગસાધના કુટીર'માં સ્વાધ્યાય-સત્સંગ કરી ત્યાંથી ગોવિંદપુરા જવું. ગોવિંદપુરામાં શ્રી ધનજીભાઈ અને શ્રી દમાભાઈના ઘેર સ્વાધ્યાય, સત્સંગ, ભજન, પ્રવચન પતાવી ભોજન-પ્રસાદ લેવો. અને ત્યાંથી પાછા અમદાવાદ આવવું.

કાર્યક્રમના થોડા દિવસ પહેલાં ધનજીભાઈ તથા દમાભાઈના કાકાના દીકરાનું અવસાન થયું. તેમના કાકાના દીકરાની ઉંમર પણ બહુ મોટી નહીં તેથી દમાભાઈ એ વિમાસણમાં કે ભોજન-પ્રસાદનો કાર્યક્રમ કરવો કે નહીં. આ વાત ખંડેરાવપુરામાં રહેતા શ્રી બલદેવભાઈ, કે જેઓ પૂજ્યશ્રીના ખૂબ જ પ્રેમી ભક્ત છે, તેમણે જાણી. પૂજ્યશ્રી અવારનવાર કહે છે કે "વીજળીના ઝબકારે મોતી પરોવે તે સાચો વીર." અર્થાત્ સાત્ત્વિક, લોકકલ્યાણના આત્મિક-આધ્યાત્મિક ઉન્નતિના કાર્યની સહેજ પણ તક મળે તો તુરત જ ઝડપી લેવી જોઈએ. બલદેવભાઈએ તક ઝડપી લીધી અને ગુરુદેવ પાસે આવીને વિનંતી સહિત જણાવ્યું કે "ગુરુજી! ગોવિંદપુરામાં દુઃખદ પ્રસંગ બન્યો છે તો હવે ખંડેરાવપુરામાં મારા ઘેર સર્વે ઓમ્ પરિવાર પધારે અને ત્યાં સ્વાધ્યાય, સત્સંગ, ભોજનપ્રસાદનો કાર્યક્રમ થાય." ગુરુદેવે તેમની વિનંતી સ્વીકારી અને અનુમતિ આપી દીધી. સાથેસાથે ગોવિંદપુરાનો કાર્યક્રમ બિલકુલ જ મોકૂફ ન રાખતાં ત્યાં જઈ ફક્ત સ્વાધ્યાય-સત્સંગનો કાર્યક્રમ કરવાનું નક્કી થયું. ગુરુદેવ કહે કે, "મરનારની પાછળ ભજન-સત્સંગ વધુમાં વધુ થાય તે સૌ ઈચ્છતા હોય છે. તો આપણે સૌ ગોવિંદપુરા જઈને ભજન-સત્સંગ કરીશું." આમ અંતે ગોવિંદપુરા થઈ નદાણ જવું અને પછી ખંડેરાવપુરા જવું તેમ કાર્યક્રમ નક્કી થયો.

તા. ૧૭-૧૧-૨૦૦૨ના રોજ ઓમ્ પરિવારનાં ગુરુભાઈ-બહેનો લક્ઝરી બસ તથા પોતાનાં વાહનો દ્વારા સવારે સાત વાગે ગોવિંદપુરા જવા નીકળ્યાં. ગોવિંદપુરા પહોંચી ગામના ચોતરેથી સૌ કોઈ "ઓમ્ ગુરુ ઓમ્" ગુરુમંત્રની ધૂન બોલતાં બોલતાં પગપાળા શ્રી દમાભાઈના ઘેર પહોંચ્યાં. ત્યાં નાસ્તા-દૂધની પ્રસાદી લઈ સૌ ફળિયામાં બેઠાં. ખાખરિયા ટપ્પાનાં બધાં જ ગામમાં ગુરુદેવે લોકકલ્યાણ માટે ખૂબ ભ્રમણ કરેલું તેથી દરેક ગામમાં ગુરુદેવના પ્રેમીઓ-ભક્તો છે. તેમાંના ઘણા પ્રેમી-ભક્તો ગોવિંદપુરા આવેલા. થોડા સમય બાદ ગુરુદેવના પધારવાના સમાચાર મળ્યા એટલે સૌ ગામના ચોરે ગયાં અને પૂજ્યશ્રીનું સામૈયુ કર્યું. પછી વાજતેગાજતે ગુરુમંત્રની ધૂન બોલતાં બોલતાં પાછાં સભામંડપમાં આવીને બેઠાં. સભામંડપમાં પૂજ્યશ્રીના સ્વાગત-આરતીનો કાર્યક્રમ થયો. પૂજ્યશ્રીએ

સંતોકબાની ગુરુભક્તિ અને ગુરુનિષ્ઠાની થોડી વાત કરી. પ્રવચન બાદ સૌએ ગાયત્રીમંત્ર, ગુરુમંત્ર અને શિવમંત્રના વાચિક જાપ કર્યા. ત્યારબાદ પૂજ્યશ્રી સાથે ઉપસ્થિત સૌ, જે ભાઈનું અવસાન થયેલ તેમના ઘેર ગયાં. તેમના ઘેર "શ્રીરામ જય રામ જય જય રામ" મંત્રની અખંડ ધૂન ચાલતી હતી કે જેનું આયોજન સનાતન સત્સંગ મંડળે કરેલું. પૂજ્યશ્રીએ આવીને આસન ગ્રહણ કર્યું. મંડળના સંચાલકે પૂજ્યશ્રીનું ફૂલહારથી અભિવાદન કર્યું અને જણાવ્યું કે "દામોદરભાઈના (દમાભાઈના) ગુરુજી પધાર્યા છે અને તેઓ આપણને બે શબ્દ કહેશે." પૂજ્યશ્રીએ સભાને સાચી સમજણ આપતાં જણાવ્યું કે "ભાઈશ્રીએ અમારો પરિચય આપતાં શું કહ્યું? કે દામોદરભાઈના ગુરુજી પધાર્યા છે. તો આ, સમજણની સંકીર્ણતા કહેવાય. કોઈ પણ ગુરુસંત કોઈ એક વ્યક્તિના કે કોઈ એક સમૂહના છે તેવી માન્યતા-સમજણ તે એક પ્રકારની અજ્ઞાનતા, સંકીર્ણતા, લઘુતાગ્રંથિ; એ જે ગણો તે કહેવાય. ગુરુસંતોને તો 'આ મારો શિષ્ય અને પેલો મારો નહીં' એવું કાંઈ જ નથી હોતું. તેઓને મન તો આખું વિશ્વ પોતાનું હોય છે. તેઓ તો સમસ્ત વિશ્વના સર્વ જીવોના કલ્યાણ માટે સતત પ્રવૃત્ત રહેતા હોય છે. આપણે પણ સંકીર્ણતા છોડી સર્વ ગુરુ-સંત-ગણને પોતાના જ ગણવા જોઈએ."

પૂજ્યશ્રીના ટૂંકા સંબોધન બાદ ઓમ્‌પરિવારનાં ગુરુભાઈ-બહેનો ગુરુમંત્રની ધૂન બોલ્યાં. પૂજ્યશ્રીએ સભાને જણાવ્યું કે "અમૃત મહોત્સવ" વર્ષ દરમ્યાન ઓમ્‌પરિવારે "ઓમ્ ગુરુ ઓમ્"ના બે અબજ મંત્રજાપ કરવાનો સંકલ્પ કર્યો છે. તેમણે મંત્રનો ટૂંકસાર આપતાં જણાવ્યું કે ઓમ્ એ જ ગુરુદેવ અને ગુરુદેવ એટલે જ ઓમ્. આમ સૌએ પરમ ગુરુદેવ ઓમ્‌ભગવાનના જપ જપવાના છે. પૂજ્યશ્રીએ ઓમ્‌નો મહિમા સમજાવતાં જણાવ્યું કે –

"શ્રીરામ ઉપનિષદમાં પ્રણવ-ઓમ્‌ના મહિમાનો એક પ્રેરક પ્રસંગ વર્ણવ્યો છે. વિભીષણ હનુમાનજીને મળે છે ત્યારે પ્રભુપ્રાપ્તિનો, રામપ્રાપ્તિનો ઉપાય પૂછે છે. હનુમાનજી વિભીષણને જુદા જુદા ઉપાયો બતાવે છે. પરંતુ તે બધા ઉપાયો વિભીષણને મુશ્કેલ લાગે છે. ત્યારે હનુમાનજી રામનામના છન્નું કરોડ જપ કરવાનું કહે છે. તે પણ વિભીષણને અઘરું લાગે છે. ત્યારે હનુમાનજી કહે છે કે "રામ" શબ્દની આગળ-પાછળ "ઓમ્"લગાવીને "ઓમ્ રામ ઓમ્"ના પચાસ લાખ જપ કરવાથી અર્થાત્ "રામ" શબ્દની આગળ અને પાછળ "ઓમ્"નો સંપુટ લગાવી પચાસ લાખ જપ કરવાથી તે રામનામના છન્નું કરોડ બરાબર થઈ જાય છે."

ગોવિંદપુરાનો કાર્યક્રમ પૂરો થયો એટલે સૌ નદાણ પહોંચ્યાં. ગામની ભાગોળે ગામના આગેવાનો તથા ગામજનોએ પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું. સૌ ભાગોળેથી ગુરુમંત્રની ધૂન બોલતાં-બોલતાં પૂજ્યશ્રીના જન્મસ્થાને ગયાં. ત્યાં હવે મકાન રહ્યું નહોતું, માત્ર ખુલ્લી જમીન હતી. એક ઝાડ હતું ત્યાં પૂજ્યશ્રીનું આસન રાખેલું. પૂજ્યશ્રી બિરાજ્યા એટલે થોડા સમય માટે સૌએ ગાયત્રીમંત્રના જાપ કર્યા.

પૂજ્યશ્રીએ કહ્યું :

"આ જગ્યાએ આ શરીરનો જન્મ ચુમ્મોતેર વર્ષ પહેલાં થયો હતો. હાલમાં અહીં મકાન રહ્યું નથી. ખુલ્લી જમીન પડી છે. બધું જ કાળક્રમે, સમયના વહેણ સાથે, પ્રકૃતિના નિયમ અનુસાર બદલાઈ ગયું છે. સમગ્ર વિશ્વની રચના પંચ-તત્ત્વથી - આકાશ, વાયુ, પૃથ્વી, જળ અને અગ્નિથી - થયેલી છે. આ પંચતત્ત્વથી બનેલ પ્રકૃતિનો ધર્મ સતત પરિવર્તનશીલતા છે. તેથી જડ-ચેતન સમગ્ર વિશ્વ કે જેનો જન્મ થાય છે અર્થાત્ કોઈ પણ રીતે સર્જન થાય છે, તે પ્રકૃતિના પરિવર્તનના નિયમને આધીન કાળક્રમે કૃષ થઈને અંતે નાશ પામે છે. આમ પ્રકૃતિમાં સર્જન અને વિસર્જનનું કાર્ય સતત ચાલ્યા જ કરે છે. આ વાત સૌએ સમજીને જીવનમાં ઉતારવા જેવી છે જેથી હર્ષ-શોક અને સુખ-દુઃખ જેવાં દ્વંદ્વોથી મુક્ત થઈ શકાશે. અસ્તુ."

નદાણનો કાર્યક્રમ પૂરો કરીને સૌ ખંડેરાવપુરા પહોંચ્યાં. ગામલોકોએ વાજતેગાજતે પૂજ્યશ્રીનું સામૈયુ કર્યું અને પછી પગપાળા ગુરુમંત્રની ધૂન બોલતાં બોલતાં બલદેવભાઈના ઘેર પહોંચ્યાં. તેમના ઘેર ઉત્સાહનું મોજું ચડેલું હતું. ઘરની ડેલીથી ઓસરી સુધી સુંદર સુશોભન કરેલું. ઓસરીમાં પૂજ્યશ્રીનું આસન તૈયાર કરેલું. ડેલીથી પૂજ્યશ્રીના આસન સુધી જાજમ બિછાવીને પુષ્પો વેર્યાં હતાં. પૂજ્યશ્રીએ આસન ગ્રહણ કર્યું એટલે ત્રણ નાની બાળાઓએ સંકીર્તન સાથે પૂજ્યશ્રીનું સ્વાગત

કર્યું. ત્યારબાદ પૂજ્યશ્રીની આરતી ઉતારી. સૌ "મૂછાળા-પૂંછાળા વંદુ ઓમ્ ગુરુ હનુમંત ગુરુ, ઓજતેજના દાતા સમરું ઓમ્ ગુરુ હનુમંત ગુરુ" મંત્રની ધૂન બોલ્યાં. ગાયત્રીમંત્ર અને શિવમંત્રની ધૂન પણ થઈ. સૌ ભક્તિરસમાં તરબોળ હતાં. સૌના હૃદયમાં ભક્તિની હેલી ચડી હતી. છેલ્લે ગુરુમહિમાનો પાઠ થયો. સૌએ પ્રેમથી ભોજન-પ્રસાદ લીધો. ઓમ્ પરિવારનાં ગુરુભાઈ-બહેનો યોગસાધના કુટિરે જઈ આવ્યાં. સૌ પાછાં આવ્યાં ત્યારે સભામંડપમાં પૂજ્યશ્રી પાસે રાઘવજીભાઈ બેઠા હતા, કે જેમને પૂજ્યશ્રી પ્રત્યે અનહદ પ્રેમ હતો અને જેમણે યોગસાધના કુટીર બનાવવામાં ઘણો મોટો ફાળો આપેલો. તેઓ પૂજ્યશ્રી પાસે બેસી જૂનાં સંસ્મરણો તાજાં કરતા હતા. તેમની ઉંમર ખાસ્સી અને તબિયત પણ લથડેલી તોય પૂજ્યશ્રી સાથે વાતો કરે ત્યારે એમ લાગે કે જાણે તેમને કોઈ બીમારી નથી. પૂજ્યશ્રીએ સૌને જણાવ્યું કે "વર્ષોથી તેમની સાથે અમે આ જ રીતે રહ્યા છીએ. તેમની વાતો બીજા સાંભળે નહીં પણ અમે ધ્યાનથી સાંભળીએ તેથી તેમને આનંદ થાય અને તેથી મસ્તીમાં રહે. હવે થોડા દિવસ તેઓ આનંદમાં રહેવાના." પૂજ્યશ્રી એક એક ભક્તની કેટલી સંભાળ રાખે છે અને જેને જે ગમતું હોય તે પ્રમાણે તેની સાથે વર્તે છે અને તેનું કલ્યાણ કરે છે. અસ્તુ.

બપોરે ચાર વાગ્યે કાર્યક્રમ પૂરો થયો એટલે સૌ "સત્ય-ધર્મ ગુરુદેવની જય" બોલાવી પોતપોતાના સ્થાને જવા નીકળ્યાં. અસ્તુ.

# પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજની જીવનગાથા

પ્રવક્તા : યોગભિક્ષુ
સંકલન : નૈષધ વ્યાસ

## જગદંબા સ્વરૂપ પૂ. માના આશ્રમમાં : વહેલાલ

તા. ૧-૧-૦૩ નો દિવસ, કર્મ-મર્મ-ધર્મયોગિની પરમ શ્રદ્ધેય મા અનંતાનંદજીનો પ્રાગટ્ય દિવસ હતો. વહેલાલ મુકામે અનંતધામમાં તે દિવસ માના ભક્તોએ ખૂબ ભાવવિભોર થઈ ધામધૂમથી ઊજવ્યો. સભામાં લગભગ ચાલીસેક સંતોની હાજરી હતી. વિશેષતા એ હતી કે ઉપસ્થિત સંતોમાં અડધાં સ્ત્રી-સંતો હતાં. અમને પણ અતિ પ્રેમાગ્રહપૂર્વકનું નિમંત્રણ હતું. લગભગ એકાદ માસથી તપોમૂર્તિ બેન કૃષ્ણાબેન એ વાતની યાદ અમને ફોન દ્વારા આપ્યા કરતાં હતાં. અમારી તબિયત નરમ-ગરમના કારણે અમારી ટુકડી દોઢેક કલાક મોડી પહોંચી. અમે સૌ ગાડીમાંથી ઊતરીને સીધાં જ પારદેશ્વર શિવલિંગના દર્શન કરવા મંદિરે ગયાં. પહેલા માળે સત્સંગસભા શરૂ થઈ ગઈ હતી. કૃષ્ણાબેન નીચે અમારી રાહ જોતાં જ હતાં. અમારી ગાડી જોઈને દોડ્યાં. મંદિરનાં પગથિયાં પરથી કાથીની નેટ ખસી જવાથી કૃષ્ણાબેન લપસી પડ્યાં. અમે પણ લપસી ન જઈએ તે માટે સાવધાન કર્યા. અમારા ઉતારા માટે ખાસ રૂમ રાખેલી તેમાં અમારો ઉતારો કરાવ્યો.

ઉતારેથી અમે સૌ ઉપર સભાહોલમાં ગયાં. વચ્ચે પૂજ્ય મા પોતાના આસનમાં શોભી રહ્યાં હતાં અને એમની જમણી બાજુ પુરુષ-સંતોનાં આસનોની લાઈન હતી. માની બાજુમાં જ અમારું આસન હતું, તે પર અમે બેઠા. અમે માને તથા સૌને જયનારાયણ કર્યા. માએ ઊભાં થઈને અમારા નારાયણ ખૂબ ભાવવિભોર થઈને ઝીલ્યા. અમે વિચારતા હતા કે ઓઠિંકણ વિના વધુ નહીં બેસી શકાય ત્યાં જ સામેથી કૃષ્ણાબેનને એક માણસ દ્વારા આરામખુરશી લઈને આવતાં જોયાં. અમે ખૂબ ના પાડી તોય ખુરશી અમારા આસનની આગળ બિછાવી દીધી. અમે તે પર બેઠા અને મનમાં હાશ... અનુભવી. એક સંતનું પ્રવચન ચાલતું હતું તે બંધ થતાં અમારું નામ બોલાયું. અમે બોલવાનું શરૂ કરીએ તે પહેલાં આશ્રમના પૂજારી-બ્રહ્મચારીએ ગદ્‌ગદ્ થઈને અમને શ્વેત પુષ્પોની માળા પહેરાવી, મૂલ્યવાન ગરમ શાલ તથા એક કવર ભેટ મૂકીને અમારું સ્વાગત-સન્માન કર્યું.

દીર્ઘ પ્રણવોચ્ચાર કરીને પછી અમે "અનંત-અષ્ટક"ના પાઠથી બોલવાનો પ્રારંભ કર્યો. વિશાળ સભામાંથી અવારનવાર તાલીઓ દ્વારા હર્ષ પ્રસ્ફુટિત થતો હતો. મા પણ થોડા અમારી બાજુ ફરીને અમારા ભાવવિભોર, ધીરગંભીર ધ્વનિનિનાદ સાથે ધીરેધીરે તાલીનો તાલ આપ્યે જતાં હતાં. વચ્ચે અમે એમ કહ્યું કે અમારો અવાજ સાંભળીને કદાચ તમને એમ થશે કે આ સંત (યોગભિક્ષુ) ક્યાં બીમાર છે કે ઘરડા (૭૫ વર્ષના) છે? તો તે સ્વાભાવિક છે. અત્યારે તો વિરાટ શક્તિ, પરમ ચૈતન્ય સાથે અમારું અનુસંધાન થયું છે ને એટલે તમને એવું જ લાગે.

અમારું બોલવાનું સમાપ્ત થતાં બીજા સંતનું નામ બોલતાં પહેલાં ઉદ્‌ઘોષકે (એનાઉન્સરે) કહ્યું કે "શ્રી યોગભિક્ષુજીએ કહ્યું કે પોતાને પંચોતેરમું વર્ષ ચાલે છે પણ તેઓના અવાજ પરથી એમ લાગે છે કે ઉંમર કહેવામાં કદાચ એમની કોઈ ભૂલ થતી હોય!" પાછળથી ખબર પડી કે સૌને દશ દશ મિનિટ બોલવાનું હતું પણ અમને ખબર નહોતી એટલે ઘણો લાંબો સમય લેવાઈ ગયો. સૌએ ખૂબ પ્રેમથી તન્મય થઈને અમને સાંભળ્યા. નીચે અમારા ઉતારે અમારા પ્રસાદની વ્યવસ્થા હતી. ત્યાં પ્રસાદ લીધો અને પછી આશ્રમ જોવા થોડા આઘાપાછા થયા. ત્યાં જ સામેથી એક પડછંદ વ્યક્તિ, જેઓ અમેરિકાથી આવ્યા હતા તેઓ અમને મળ્યા અને અત્યંત પ્રશંસાભર્યા શબ્દોમાં કહેવા લાગ્યા કે, "શું આપનો અવાજ હતો! લાઉડ સ્પીકરનો તો કોઈ ક્લાસ નહીં. સભામાં ઊભા થઈને 'વાહ-વાહ' કહેવાનું મન થઈ જતું હતું પણ શિષ્ટાચારનો ખ્યાલ રાખીને મન ઉપર કાબૂ રાખતો હતો." અમે કહ્યું કે તમને અમારી આ ધૂન –

જેનો જીભ પર કાબૂ, તેનો જગ પર જાદુ;<br>
જેનું જીવન સાદું, તેનું આરોગ્ય ઝાઝું....

ત્યાં તો વચ્ચે જ તેઓ બોલી ઊઠ્યા કે આપનો જીભ પર કાબૂ છે ત્યારે તો આટલી ઉંમરે પણ આખી સભાને ગજાવી! અને અમે!? આટલી નાની ઉંમરમાં લબડી ગયા. તેઓ કહેતા હતા કે તેમને અમેરિકામાં માની આશિષ પ્રાપ્ત થઈ હતી. ભારતમાં પોતે હાર્ટના ઓપરેશન માટે આવ્યા છે.

ઉપરથી કૃષ્ણાબેન આવ્યાં એટલે તેમની જોડે તેમની રૂમ જોવા ગયા. રૂમ આશ્રમમાં જ હતી પણ થોડે દૂર હતી એટલે ગાડીમાં જ ગયાં.

અનંતધામ આશ્રમ ઘણા એકરોમાં પથરાયેલો છે. પૂ. માની જ દેખરેખમાં ત્યાં કેન્સરની સારવાર માટે આયુર્વેદિક દવાખાનું ચાલે છે. દવાખાનાના કાર્યકરોમાં મોટાભાગનાં ત્યાગઆશ્રમી સાધક-સાધિકાઓ છે; જેઓ સંપૂર્ણપણે, આજીવન આશ્રમને-માને સુસમર્પિત છે.

અમે બોલવાનું પ્રારંભ કરતાં પહેલાં પૂજ્ય માને તુલસીની તથા રુદ્રાક્ષની માળા પહેરાવીને તથા એક ગુલદસ્તો તેઓશ્રીના હસ્તકમલમાં આપીને નમોનારાયણ કર્યા હતા. રાજકોટના દંતવૈદ્ય શ્રી લાભશંકર શુક્લે માને આંબળાની તથા ગળોની માળા પહેરાવીને તેમનું સન્માન કર્યું હતું. આમ ધન્વંતરી જેવા માનું સ્વાગત રૂદ્રાક્ષ, તુલસી, આંબળાં, ગળો વગેરે દિવ્ય ઔષધિઓ દ્વારા થયું તે જાણે કુદરતે જ - નિસર્ગ માતાએ જ ગોઠવ્યું હશે. અસ્તુ.

## અમૃત મહોત્સવ નિમિત્તે : નંદુભાઈના ત્યાં

તા. ૯-૨-૦૩ના દિવસે શ્રી નંદુભાઈ પટેલના ત્યાં (નવરંગપુરા) સત્સંગ-સ્વાધ્યાયનો કાર્યક્રમ હતો. શ્રી નંદુભાઈ તથા તેમનો સમસ્ત પરિવાર ખૂબ સાત્ત્વિક, પવિત્ર અને ગુરુસંતપ્રેમી છે. તેઓ ઓમ્‌પરિવારના દરેક કાર્યક્રમમાં હાજરી આપે છે. તેમનો વિનંતીપૂર્વકનો ખૂબ આગ્રહ હતો કે તેમના ઘરે સત્સંગ-સ્વાધ્યાય થાય અને પૂજ્ય ગુરુદેવની પધરામણી થાય. તેમના મિત્ર ભૂપેન્દ્રભાઈનો પણ ખૂબ પ્રેમ અને આગ્રહ હતો. અમારી તબિયત નરમગરમ રહેવાના કારણે જઈ શકાતું નહોતું. તેઓ આવીને નવમી તારીખ નક્કી કરી ગયા. નવમીની બપોર સુધી અમારી તબિયત નરમ હતી તેથી જવાશે કે કેમ તે શંકા હતી. પાંચેક વાગ્યે થોડી રાહત થઈ એટલે કરેડિયા કરીને તેમના ત્યાં ગયા. તેમણે અમને લેવા માટે બે ગાડીઓ મોકલી હતી. દશ માળનું તેમનું બિલ્ડિંગ છે. લિફ્ટમાં અમે છઠ્ઠે માળે તેમને ત્યાં ગયા. તેઓ તો નીચે જ અમારા સ્વાગત માટે ઊભા હતા. ઉપર આખું કુટુંબ રાહ જોતું હતું, તે ખૂબ ખુશ થયું. પ્રસાદમાં તો તેમણે ઘણું

બનાવ્યું હતું પણ અમે નરમ શરીરના કારણે ભાત અને દૂધીનું શાક લીધું. પ્રસાદ પતાવીને અમે હાથધોવણિયા (વોશબેઝીન) પાસે જઈને અમારું દાંતનું ચોકઠું ધોવા લાગ્યા. ત્યારે પાસે જ ઊભેલાં જ્યોત્સનાબેન (નંદુભાઈનાં ધર્મપત્ની) ઉષાબેનને પૂછવા લાગ્યાં કે "ગુરુજી આ બધું કામ હાથે કરે છે? આપણને કહે તો આપણે કરી નાખીએ." આવી તેમની નિષ્ઠા જાણીને અમને બેહદ આનંદ થયો, એટલા માટે કે પોતેય વયોવૃદ્ધ અને બીમાર છે તોય સંતો તરફ તેમની કેટલી નિષ્ઠા છે! આટલા શબ્દોમાં જ તેમના આખા કુટુંબની ખાનદાની અને ગુરુસંત પ્રેમનો અંદાજ આવી જાય. બે-પાંચ મિનિટ બોલીને પછી અમે અંદરની રૂમમાં આરામ માટે ગયા. સભામાં સૌએ "ઓમ્ ગુરુ ઓમ્"નો એક કલાકનો જપયજ્ઞ કર્યો. પૂર્ણાહુતિ સમયે અમે પાછા અમારે આસને આવીને બેઠા અને સત્સંગના બે શબ્દો કહેવાની શરૂઆત કરી. અમે એક દૃષ્ટાંત આપ્યું –

એક વખત ટીવીની જાહેરાત માટે બતાવવામાં આવતું દૃશ્ય અમે જોયું. સડસડાટ કરતો સાપ જઈ રહ્યો છે. તે એટલો આબેહૂબ હતો કે તેને સાચો જ માનીને એક સમડી સાચે જ તેને પકડવા ટીવીના કાચ પર ખાબકી. સમડીની ચાંચ ટીવીના કાચ પર ભટકાણી. કારણ કે આ કંઈ સાચો સાપ હતો નહીં. આમ પોતાની કંપનીનું ટીવી કેટલું આબેહૂબ દૃશ્ય બતાવે છે તે માટે જ તેમણે આ પ્રકારની જાહેરાત બનાવેલી.

આ તો એક સામાન્ય બાબત હતી પણ તે જોઈને અમે અમારી રીતે વિચાર કરવા લાગ્યા કે :

જેમ સમડી અજ્ઞાનના કારણે, ભ્રમના કારણે ટીવીમાંના સાપને સાચો માની બેઠી તેમ સર્વસામાન્ય મનુષ્યો પણ જગતને સાચું માની રહ્યા છે. જ્ઞાનીને-તત્ત્વજ્ઞાનીને આત્મા-પરમાત્મા સિવાયનું બધું જ ટીવીના સાપ જેવું લાગે છે. જગતને સાચા સ્વરૂપે સમજવા માટે આ દૃષ્ટાંત અજોડ છે, નિહાલ કરી દે તેવું છે. આપણે ગુરુસંતોના ત્યાં જઈએ છીએ કે તેમને આપણા ઘેર બોલાવીએ છીએ તે એટલા માટે કે આવું કોઈક અલૌકિક જીવનપાથેય આપણને પ્રાપ્ત થાય.

શરીર નરમ હોવા છતાંય પ્રભુકૃપાથી કાર્યક્રમ પૂરો થયો ત્યાં સુધી અમે રહી શક્યા અને બે શબ્દો બોલી શક્યા. નંદુભાઈના જમાઈ શ્રી પિનાકીનભાઈ અને ભૂપેન્દ્રભાઈ અમને ગાડીમાં મણીનગર 'ધર્મમેઘ'માં મૂકી ગયા.

અમે નીકળતા હતા ત્યારે નંદુભાઈ કહે "અમે આપને બહુ કષ્ટ આપ્યું." એમણે પોતે કેટલું કષ્ટ લીધું એ તો તેઓ ગણતા જ નથી. તેમની ઉંમર પણ ૭૨ ની છે.

## અમૃત મહોત્સવ નિમિત્તે
## ત્રણ ગામની સુસંસ્કાર પ્રચાર યાત્રા

તા. ૧૭/૧૧/૨૦૦૨ના રોજ ઓમ્ પરિવારના ઉપક્રમે નદાણ, ગોવિંદપુરા અને ખંડેરાવપુરા મુકામે સુસંસ્કાર પ્રચાર યાત્રાનો કાર્યક્રમ ગોઠવાયેલો. નદાણ ગામમાં આ શરીરનો જન્મ થયેલો. ગોવિંદપુરા ગામમાં શ્રી દમાભાઈના ઘેર રહી અમે અનુષ્ઠાનો કરેલાં અને યોગસાધના પણ કરેલી. ખંડેરાવપુરા ગામના આગેવાનોએ અમને યોગસાધનામાં સુવિધા રહે એટલે યોગસાધના કુટીર બનાવી આપેલી. સુસંસ્કાર પ્રચાર યાત્રા માટે ખાખરિયા ટપ્પાનાં આ ત્રણ ગામ નક્કી કરવા માટેનું ઉપરોક્ત કારણ હતું. આ કાર્યક્રમનો વિગતવાર અહેવાલ શ્રી શશીકાંતભાઈ દ્વારા આ અંકમાં પ્રગટ થઈ રહ્યો છે.

ખંડેરાવપુરા ગામના કાર્યક્રમ દરમ્યાન અમે સૌને ફરીફરીને એ વાત યાદ આપી કે આ સુસંસ્કાર પ્રચાર યાત્રાનું નિમિત્ત છે અમૃત મહોત્સવ વર્ષ અને એ વર્ષ દરમ્યાન બે અબજ "ઓમ્ ગુરુ ઓમ્"ના મંત્રો બધાએ મળીને જપવાનો સંકલ્પ કર્યો છે. તો એનો લાભ ખંડેરાવપુરા ઓમ્ પરિવાર પણ લઈ શકે, લેવો જોઈએ અને અહીં ખેતરમાં જે અમારી સાધનાભૂમિ "યોગસાધના કુટીર" છે તેનો સદ્ઉપયોગ કરવો જોઈએ. કુટીરને સાફસૂફ કરવી જોઈએ. જેટલા ભાઈઓને મંત્રજાપમાં રુચિ હોય તે સૌએ ભેગા મળીને કુટીરમાં જપ કરવા જોઈએ. જેઓ જપ કરે એમણે જપની સંખ્યા નોંધી રાખવી જોઈએ. વળી એ કુટિરની જે જવાબદાર વ્યક્તિઓ છે તેમણે પણ આ જપ કરનાર સાધકોને ખૂબ અનુકૂળતા થાય તેવું વર્તન કરવું જોઈએ, સાધકોને

સહાય કરવી જોઈએ. આ રીતે અમે સૌને બે અબજ જપની યાદ આપી અને કુટીરની જવાબદાર વ્યક્તિઓને કુટીરનો સદ્ઉપયોગ કરવાની પ્રેરણા આપી. આ સિવાય પણ અમે ઘણી તાત્ત્વિક વાતો રજૂ કરી જે અહીં પ્રગટ કરીએ.

## સેવાની ભાવનાથી સેવા કરનાર જ શ્રેષ્ઠ છે

કોઈ તો સેવાની ભાવનાથી સેવા કરે છે અને કોઈ મેવાની ભાવનાથી સેવા કરે છે. મેવા બંનેને મળે છે પણ બંનેની ભાવનામાં ઘણો મોટો તફાવત છે. સેવાની ભાવનાથી સેવા કરવાવાળો કદી થાકતો નથી, કંટાળતો નથી. પણ જે મેવાની ભાવનાથી સેવા કરે છે એ થાકે છે, કંટાળે છે. એને મેવા મળવાની મુદતમાં વિલંબ થાય કે મેવાના પ્રમાણમાં કાંઈ ઓછપ લાગે તો તરત તેનો ઉત્સાહ તૂટી જાય છે; સેવા એને આકરી લાગવા માંડે છે. અને વળી કોઈ-કોઈ તો સેવાના ફળરૂપે મેવા મળે એવું માનતા જ નથી હોતા. અને કોઈ સેવાથી મેવા મળે એમ માનતા હોવા છતાંય સેવા કરવા તત્પર નથી થતા, ઉત્સાહિત નથી થતા. એટલે આ બધા પ્રકારના મનુષ્યોમાં સેવાની ભાવનાથી સેવા કરનાર જ શ્રેષ્ઠ છે. સેવા એટલે સેવા; સેવા જ રસનો વિષય, સેવા જ આનંદનો વિષય, સેવા જ સર્વસ્વ. આમ તો શાસ્ત્રોમાં કહ્યું છે કે સેવા એ તો મહાન કઠિન ધર્મ છે. પણ જેને સેવામાં આનંદ મળતો હોય એને પછી કઠિનતા ક્યાં રહી? એની ભલે મેવા પ્રાપ્ત કરવાની ભાવના ના હોય પણ તોય એને કર્મનો નિયમ લાગુ પડે જ છે. સેવા કરવાવાળાને મેવા મળે જ. પુણ્યનું ફળ સુખ અને પાપનું ફળ દુ:ખ એ તો કુદરતનો અટલ-અફર નિયમ જ છે એટલે એને મેવા તો મળવાના જ. પણ એ મેવાની આશાએ સેવા નથી કરતો એટલે તે કદીય મેવાની રાહ નથી જોતો. અનાયાસે જ એના જીવનમાં, એક જીવનક્રમ તરીકે, મેવા એને મળ્યે જાય છે અને એ તો સેવામાં જ આનંદિત રહ્યા કરે છે. તેથી જ કહ્યું છે કે સેવાની ભાવનાથી સેવા કરનાર જ શ્રેષ્ઠ છે. અસ્તુ.

* * *

બળદેવભાઈના નાના ભાઈ ગોરધનભાઈ જે હાલમાં કડી સ્થાયી થયા છે. તેમનામાં ખૂબ ઊંચી સમજણ. એમણે પણ ખંડેરાવપુરાના પ્રસંગમાં હાજરી આપી હતી. બળદેવભાઈ ને ગોરધનભાઈ સિવાય પણ બીજા ભાઈઓ. સૌ ભાઈઓની એવી ઇચ્છા હતી કે બળદેવભાઈએ આ પ્રસંગમાં જે ખર્ચ કર્યો છે તેમાં તે સૌને પણ લાભ મળે. પરંતુ બળદેવભાઈએ કહેલું કે આ વખતે તો મારે એકલાએ જ આ લાભ લેવાનો છે. બીજી વખત જો કંઈ ગોઠવાશે તો તે વખતે તમારા માટે વિચારીશું. તો, પ્રસંગ ચાલુ હતો ત્યારે ગોરધનભાઈ તો કંઈક કામમાં હતા પણ અમે તેમને બોલાવ્યા અને પ્રસાદી તરીકે ડાકોર મંદિરથી લાવેલો ખેસ ઓઢાડ્યો. તે ખૂબ રાજી થયા. અસ્તુ.

## વિનાશ કાળે વિપરીત બુદ્ધિ

પોતાનાં માતા-પિતાએ જે દાન-પુણ્ય કર્યું હોય તેને યાદ કરીને દીકરાઓએ ખૂબ રાજી થવું જોઈએ. પોતે દાન ન કરી શકે તો કમસે કમ એ રીતે તો જરૂર રાજી થવું જોઈએ કે અમારાં માતા-પિતાએ ઘણું બધું કર્યું છે. પણ પિતાએ ધર્મકાર્યમાં કંઈ દાન કર્યું હોય અને છોકરાઓનો જીવ એ પાછું લેવામાં જ રહે એ બહુ ખોટું કહેવાય. એ તો થૂંકેલું પાછું ગળવા બરાબર કહેવાય. એને જ કહે છે "વિનાશ કાળે વિપરીત બુદ્ધિ." જ્યારે પતનનો કાળ આવે ત્યારે થૂંકેલું પાછું ગળવાનું મન થાય. લોકો ઘણી બધી જમીનો દાન આપીને એના ઉપર મોટાં મોટાં મંદિરો, આશ્રમો વગેરે બનાવડાવે છે અને એ આશ્રમો અને મંદિરોનો કાયમ નિર્વાહ થાય એ માટે પણ બીજાં ખેતરો વગેરે આપીને એની જે ઊપજ આવે એમાંથી એ મંદિર અને આશ્રમનો ખર્ચ નિભાતો રહે એ રીતની વ્યવસ્થા કરે છે. તો, આપણા માતા-પિતાએ જે કાંઈ બે-પાંચ-પચીસ ફૂટનો જમીનનો ટુકડો દાન-ભેટ તરીકે આપ્યો હોય અને આપણો જીવ એમાં ને એમાં જ રહેતો હોય અને હવે ક્યારે આપણે એ ટુકડો પાછો લઈ લઈએ, આપણને ક્યારે એ પાછો મળે? એવી આપણા મનની સ્થિતિ હોય ત્યારે સમજવું કે આપણું હવે પતન થવાનું

છે. હવે આ "વિનાશ કાળે વિપરીત બુદ્ધિ" જે કહેવામાં આવે છે એ સમય આવી ગયો છે. પણ મનુષ્ય અનુભવીઓનાં સૂત્રો સાંભળતો નથી, યાદ કરતો નથી અને કોઈ એને એ સૂત્રો સંભળાવીને ચેતાવે છે તો ચેતાવનાર એને દુશ્મન જેવો લાગે છે, એ એમનો તિરસ્કાર કરી નાખે છે. તો, પરમાત્માને પ્રાર્થના કરીએ કે આપણને એવી શક્તિ, ભક્તિ અને સદ્‌બુદ્ધિ આપે કે આપણે મનુષ્યજન્મની સાર્થકતા કરીએ અને માતા-પિતાએ જે કાંઈ સત્કર્મો કર્યાં હોય એની સુગંધ ચારે બાજુ ફેલાય અને એ વધુમાં વધુ દીપી ઊઠે એવા આપણે પ્રયત્નો કરીએ.

## ડૉ. ભામગરા સાહેબની મુલાકાત

### (તા. ૧-૧૨-૨૦૦૨)

હમણાં થોડા સમયથી બુધવાર અને શનિવાર, એમ અઠવાડિયામાં બે દિવસ મૌન રાખવાનો નિયમ રાખ્યો છે. તો, ગઈકાલે (તા ૩૦-૧૧-૨૦૦૨) મૌન હતું. સાંજના લગભગ ચાર-સાડા ચારનો ટાઈમ. હું થોડું ટેપિંગનું કામ કરી રહ્યો હતો ત્યાં મનુભાઈ પંડિતનાં દીકરી અવલોકિતા બહેન ઓચિંતા જ મળવા આવ્યાં. નમસ્કાર કરીને ઊભા રહ્યાં. અમે સ્લેટમાં લખી જણાવ્યું કે અમારે મૌન છે. એમણે કહ્યું કે લોનાવલાથી ડૉ. ભામગરા સાહેબ આવ્યા છે અને અત્યારે અમારે ઘેર બેઠા છે. એમને આપને મળવાની ખૂબ ખૂબ ઇચ્છા છે. અમે કહ્યું કે અમારે મૌન છે તો શું કરવું? તેઓ કહે કે કાલે સવારે તો નીકળી જવાના છે અને અમારે ત્યાં પણ થોડો સમય જ રોકાવાના છે. અમે વિચાર કર્યો કે, આવા મહાનુભાવ! કેટલે દૂરથી આવ્યા છે!! વળી આપણા કેટલા બધા પ્રેમી છે! એકેય વખત અમારે મળવાનું થયું નથી. પણ એકબીજાના સાહિત્ય દ્વારા, એકબીજાના પત્રો દ્વારા પરિચિત થતા રહીએ છીએ. એ રીતે એકબીજાના ચાહક હતા, તેથી તાબડતોબ જ વિચાર કર્યો અને લખી નાખ્યું કે તરત મળવા મોકલો, એમના પૂરતું આજે અમે મૌન છોડીશું, એટલી બોલવાની છૂટ લઈશું. પછી તો થોડી વારમાં મનુભાઈ પંડિત, રમેશભાઈ શુકલ, બીજાં એક બહેન અને ભાઈ તથા ભામગરા સાહેબ; બધાં જ આવ્યાં. વરંડામાં ખુરશીઓ નાખીને બેઠાં. ભામગરા સાહેબ તો આવતાવેંત જ અંદરની રૂમમાં પ્રવેશી ગયા અને નીચે બેસીને બે ચરણ ઉપર હાથ રાખીને એવા નમસ્કાર કર્યા કે અમે તો એમની વિનમ્રતા જોઈને ગદ્‌ગદ્ થઈ ગયા. એમના બે ખભા પકડીને ઊભા કર્યા અને એમનો હાથ પકડીને વરંડામાં લઈ ગયા, ખુરશી ઉપર બેસાડ્યા. તેઓશ્રી તો ખાસ કંઈ બોલતા નહોતા. હા કે ના, હા કે ના કહેતા હતા. અમે એમને અમૃત મહોત્સવ વર્ષ વિષેની થોડી થોડી માહિતી આપી. પછી એક ગરમ શાલ ઓઢાડીને એમનું સત્કાર-સન્માન કર્યું અને આ શાલ ઓઢાડવા પાછળ અમારી કેવી શુભેચ્છા છે એ પણ એમને જણાવ્યું.

આ વસ્ત્ર અમે આપને પરમાત્માની પ્રસાદી તરીકે ઓઢાડીએ છીએ. આ ફક્ત એક વસ્ત્ર નથી પરંતુ એક કવચ છે, બખ્તર છે કે જે સતત આપની રક્ષા કર્યા કરે. આ કવચ કે જે પરમાત્માની પ્રસાદીરૂપે આપને ઓઢાડ્યું છે તે બહારની આસુરી શક્તિઓને આપના હૃદયમાં પેસવા ના દે અને આપના હૃદયમાં રહેલ દૈવી શક્તિ-સંપત્તિ કે જે, કોઈ એવો વિકટ પ્રસંગ આવે ત્યારે બહાર નીકળી જવા પ્રયત્ન કરે ત્યારે એને બહાર નીકળવા ન દે. એવું આ કવચ છે, એવું આ બખ્તર છે. અને ઉપરોક્ત ભાવનાથી અમે આપને આ વસ્ત્ર ઓઢાડીએ છીએ.

અમારી આવી તાત્ત્વિક વાતો સાંભળી તેઓશ્રી આનંદવિભોર થઈ ગયા. પછી અમે રચેલા આરોગ્ય સંકીર્તન સૂત્રો તેમને ગાઈ સંભળાવ્યાં. આ સૂત્રોનાં જે પેમ્ફલેટ છપાવ્યાં છે તે સૌને આપ્યાં. તેટલી વારમાં તો મનુભાઈનાં દીકરી ઘેર જઈને કેમેરો લઈ આવ્યાં કારણ કે તેમને એવી ઇચ્છા થઈ આવેલી કે આવાં બે મહાનુભાવોનું મિલન થયું છે તેની યાદરૂપે જરૂર ફોટો પાડવો જોઈએ. એમણે અમારા ફોટા પાડ્યા. ત્યારબાદ સૌ વિદાય થયાં. આરોગ્ય સંકીર્તન સૂત્રો આ પ્રમાણે છે :

**જેનો જીભપર કાબૂ... તેનો જગ પર જાદુ...**
**જેનું જીવન સાદું... તેનું આરોગ્ય ઝાઝું...**
**કરકસર છે કામધેનુ... દે છે અમૃત દિન રૈનુ...**
**કમ ખાઓ જો ગમ ખાઓ... તો દુઃખથી મુક્તિ પામો...**

# જાદુગર કે. લાલની અડગ નિશ્ચયતા

ભારતના મશહુર જાદુગર કે. લાલ કે જેઓ ૭૭ વર્ષની ઉંમરે પણ તેમના પુત્ર જુનિયર સાથે ૧૮,૦૦૦ થી વધુ શો કરી ચૂક્યા છે. તેમના જીવનની કેટલીક અંતરંગ વાતો તેમનાં શિસ્ત, સંસ્કાર અને દૃઢ મનોબળની પ્રતીતિ કરાવે તેમ છે. તેમણે કહેલ એક પ્રસંગ તેમના આત્મવિશ્વાસને વ્યક્ત કરે છે.

કે.લાલને સ્વ. રાજકપુર જોડે ઘનિષ્ઠ મિત્રતા હતી. એ જમાનામાં રાજકપુર એટલે ફિલ્મ દુનિયામાં ભગવાન તરીકે મનાતા હતા. તેમાં પણ તેમની પાર્ટીમાં આમંત્રણ મળે તે ગૌરવ સમાન હતું. જુદાં જુદાં ક્ષેત્રોની ટોચની હસ્તીઓ આ આમંત્રણ બતાવી તેમના સર્કલમાં બડાશ મારતી હતી. તેમાં વળી રાજકપુરની પાર્ટી એટલે વિદેશની મોટા ભાગની જગમશહુર બ્રાન્ડનો દારુ તેમાં પીવા મળે. એવું કહેવાતું કે મોજમસ્તી અને ટોચની હસ્તીઓ ભરેલી આવી રંગીન પાર્ટી મુંબઈમાં ભાગ્યે જ બીજું કોઈ યોજી શકતું.

આવી જ એક પાર્ટીમાં કે.લાલને પણ આમંત્રણ મળ્યું. કે.લાલ પાર્ટીમાં પહોંચ્યા ત્યારે વાતાવરણ મદમસ્ત બની ગયું હતું. દિલીપકુમાર, રાજેન્દ્રકુમાર, ધર્મેન્દ્ર સહિત ટોચના ફિલ્મ-કલાકારો; હિરોઈનો, કસબીઓ, અન્ય ક્ષેત્રના મહાનુભાવો ત્રણ-ચારથી વધુ પેગ પધરાવી ચૂક્યા હતા. પાર્ટી બરાબર જામી હતી. રાજકપુર પોતે પણ વાઈનની બોટલ પધરાવી, હાથમાં બોટલ લઈ આમંત્રિતોની નજીક જઈ તેઓની પ્યાલીમાં દારુ રેડી આગ્રહપૂર્વક પિવડાવતા હતા. આમંત્રિતો, રાજકપુર તેમને આગ્રહ કરે છે તે જોઈ વધુ ધન્યતા અનુભવી પ્યાલીઓ છલકાવી લેતા હતા.

અચાનક રાજજીએ જોયું કે કે.લાલના હાથમાં ઠંડા પીણાનો ગ્લાસ હતો. તેમણે કે.લાલને દારુ પીવા માટે આગ્રહ કર્યો. કે.લાલે કહ્યું કે, "હું દારુ નથી પીતો." રાજકપુરે આગ્રહ જારી રાખતા કહ્યું કે, "આજે તો પીવો જ પડશે." એમ કહેતાં તેમણે કે.લાલના હાથમાંના ગ્લાસમાં દારુ રેડી દીધો. કે.લાલે તે ગ્લાસને બાજુના ટેબલ ઉપર મૂકી દીધો. રાજકપુર અને કે.લાલ વચ્ચે આગ્રહ-ઈન્કારની રકઝક ચાલ્યે રાખી. નશામાં ડૂબેલ રાજકપુરનો આગ્રહ હવે જીદમાં પરિવર્તિત થઈ ગયો. પછી તો આ દૃશ્ય જોવા માટે મહાનુભાવો કે.લાલ અને રાજકપુરની ફરતે ઊભા રહી ગયા. કે.લાલે ના પાડવાનું ચાલુ જ રાખતાં હવે મહાનુભાવોની હાજરીમાં રાજકપુરને તેનો અહમ્ ઘવાતો હોય તેમ પણ લાગ્યું. જે રાજકપુરના હાથની શરાબ પીવા સુંદરીઓ પણ તલપાપડ હોય છે તેને ભરી સભામાં કે.લાલ મચક નહોતા આપતા. નશામાં હોવા છતાં રાજકપુરે મોં પર સ્મિત જાળવી રાખવાનો પ્રયત્ન કરતાં કહ્યું કે, "કે.લાલ, જુઓ આ ચમચીને હું દારુની બોટલમાં બોળીને કાઢી લઉં છું. તમે તમારા ઠંડા પીણાના ગ્લાસમાં એ ચમચી હલાવી લો. મને લાગશે કે મારું માન સચવાઈ ગયું. તમને મારા સોગંદ છે."

કે.લાલે નમ્રતાથી કહ્યું, "રાજજી, આપના પ્રેમ બદલ આભાર પણ તેમ નહીં થઈ શકે." હવે પાર્ટીમાં એક પ્રકારનો સોપો પડી ગયો. રાજકપુરના સોગંદ છતાં કે.લાલે દારુ ના પીતાં, છંછેડાઈ ગયેલા હારેલા રાજકપુરે એ જમાનાના દિગ્ગજ કલાકારોની હાજરીમાં જ કહી દીધું કે, "કે.લાલ તમે એક પેગ નહીં પીવો તો મારા પિતાશ્રી પૃથ્વી રાજકપુરના સોગંદ છે." એક તબક્કે તો કે.લાલ પણ ડઘાઈ ગયા. પૃથ્વીરાજના નામે પણ આગ્રહ ઠુકરાવવાની તેમનામાં હિંમત નહોતી. તે પણ પાછા રાજકપુરના પિતાજી.

પણ ક્ષણવારમાં જ કે.લાલે વધુ મક્કમતાથી કહ્યું કે, "રાજજી, તમે તમારા પિતાના સોગંદ આપી મને દારુ પિવડાવવા માંગો છો. પણ મેં મારા પિતાને દારુ નહીં પીવું તેવું સોગંદ ખાઈને વચન આપ્યું હતું. બોલો મારે કોના પિતાનું માનવું?"

નશામાં હોવા છતાં ખેલદિલ રાજકપુરે કે.લાલને ભેટી પડતાં કહ્યું કે, "આજે તેં મારા પર જાદુ કર્યો હોય તે હદે હું તારાથી પ્રભાવિત થયો છું." અન્ય મહેમાનો પણ તાળી પાડી ફરી મઝા માણવા માંડ્યા. દારુની ટેવ સારી કે ખરાબ તેની નહીં, પણ દૃઢ સંકલ્પની અહીં વાત છે. જો કે.લાલે ગાડરિયા પ્રવાહમાં જોડાઈને કે તેની અનુકૂળતા જોડે સમાધાન કર્યું હોત તો તેની આગવીતા અને કેરેક્ટર બહાર નીખર્યું ના હોત.

(તા. ૫-૧-૦૩ના "ગુજરાત સમાચાર"માંથી સાભાર.)

# 'ગુરુકૃપા'ના મારા અનુભવો

- રમેશભાઈ પાઠક (હળવદ)

(૧) એક ગુરુપૂર્ણિમાના સંદર્ભમાં કલ્યાણપુરા મુકામે હાઈસ્કૂલના મકાનમાં ઓમ્‌પરિવારનો કાર્યક્રમ હતો, જેના યજમાન શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, ધનજીભાઈ પટેલ, વજુભાઈ પટેલ તથા ભગવાનભાઈ પટેલ હતા. એ ગુરુપૂર્ણિમાના દિવસે સવારે હું અને મારાં પત્ની કલ્યાણપુરા જવા નીકળ્યાં. વચ્ચે સાણંદ મુકામે પૂજ્ય મુનિબાપુનાં દર્શન કરી અમે બપોરે કલ્યાણપુરા પહોંચ્યાં. સભાખંડમાં પ્રવેશતાં જ પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજીની દૃષ્ટિ મારા પર પડી. પૂજ્યશ્રીએ અમારા ખબર-અંતર પૂછ્યા. મેં જ્યારે જણાવ્યું કે અમે મુનિબાપુનાં દર્શન કરીને આવ્યાં ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે આજે ગુરુપૂર્ણિમા નિમિત્તે તમે બે લાભ લીધા, એક સાણંદમાં અને બીજો અહીં કલ્યાણપુરામાં.

અમે સભાખંડમાં પ્રવેશ કર્યો ત્યારે પૂજ્ય બાપુનું પ્રવચન ચાલતું હતું. મારી સાથે થોડી વાતચીત કરી બાપુએ ફરી પ્રવચન ચાલુ કર્યું. બાપુનું પ્રવચન પૂરું થયું એટલે ગુરુપૂર્ણિમા મહોત્સવ નિમિત્તેની આ ત્રણ દિવસની શિબિર વિષે અનેક મહાનુભાવોએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા. મુસાફરી કરીને હું ખૂબ થાકેલો અને માનસિક રીતે પણ અસ્વસ્થ હતો. મનમાં એમ થતું હતું કે ગુરુજી મને બે શબ્દ બોલવાનું ન કહે તો સારું. કારણ કે મારી માનસિક તૈયારી નહોતી. બોલું તોપણ શું બોલું? મગજમાં ગડમથલ ચાલતી હતી ત્યાં જ ગુરુજીનો આદેશ થયો કે, "રમેશભાઈ! તમે પણ બે શબ્દ બોલો." હું તો સ્તબ્ધ થઈ ગયો. આજ્ઞા થઈ એટલે ના પણ ન પડાય. પડશે એવા દેવાશે એવું વિચારી હું ઊભો થયો, પૂજ્યશ્રીને પ્રણામ કર્યા, માઈક પાસે આવી 'સત્ય-ધર્મગુરુદેવની જય' બોલી મારું વક્તવ્ય શરૂ કર્યું. દશેક મિનિટ હું બોલ્યો હોઈશ પરંતુ હું શું બોલ્યો, કેવું બોલ્યો, કેવી રીતે બોલ્યો એનો મને ખ્યાલ નહોતો. પૂજ્યશ્રીએ મને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું કે, "રમેશભાઈનું પ્રવચન ઉત્તમ હતું. જરા પણ અવળે પાટે ચડ્યા વગર તેઓ સ્પષ્ટ અને મુદ્દાસર બોલ્યા." મેં મનોમન ગુરુજીનો આભાર માન્યો. ત્યાર પછી તો પ્રવચનની ફાવટ આવી ગઈ. ગમે ત્યારે, ગમે તે કાર્યક્રમમાં, ગમે તેટલા માણસો વચ્ચે બોલવા ઊભા થવાનો પ્રસંગ આવ્યો છે ત્યારે સારી રીતે બોલી શકાયું છે. સ્ટેજ-ફીઅર દૂર થઈ ગયો. આમ બનવાનું કારણ ગુરુકૃપા જ છે તેમ હું દૃઢપણે માનું છું. અસ્તુ.

કલ્યાણપુરાના કાર્યક્રમનું સુવ્યવસ્થિત, સુંદર, સફળ, અભિનંદનીય આયોજન જોઈને પ્રસન્નતા થઈ. કાર્યક્રમ પૂરો થતાં મોડી સાંજે મેં રજા માગી તો ગુરુજીએ પ્રશ્ન કર્યો કે અત્યારે કેવી રીતે જશો? મેં કહ્યું કે અહીંથી સચાણા થઈને વીરમગામ જઈશું. ત્યાં કાકાની દીકરીના ઘેર રાત્રી-રોકાણ કરીને સવારે હળવદ જઈશું. ગુરુજીએ પૂછ્યું, "તમારે જ્યાં જવું છે ત્યાં જવા માટેની બસ અત્યારે તમને મળશે?" હું ચૂપ રહ્યો. "જો તમે જવાનું નક્કી જ કરી લીધું હોય તો અમે તમને વ્યવસ્થા કરી આપીએ." આટલું કહી ગુરુજીએ તરત એક સ્વયંસેવકને બોલાવી આજ્ઞા કરી કે રમેશભાઈને વીરમગામમાં જ્યાં રોકાવાનું છે ત્યાં તમારા વાહનમાં મૂકી આવો અને પાછા આવીને તેમને પહોંચાડી દીધાના સમાચાર આપો. વાહ! ગુરુજીની કેટલી ચીવટ, ચોકસાઈ અને ચિંતા! આમ, આ કલ્યાણપુરાની શિબિર મારા માટે યાદગાર બની ગઈ.

(૨) જ્યારે મારે ઘેર છઠ્ઠી પુત્રી વિશાખાનો જન્મ થયો ત્યારે અમે કુટુંબીજનો બિલકુલ હતાશ થઈ ગયેલાં. ડિપ્રેશનમાં મનોબળ ઢીલું પડી ગયું. એવા સમયે જ ગુરુદેવનો પ્રેમ નીતરતો, વહાલ વરસાવતો, સમજ અને માર્ગદર્શન આપતો પ્રેરણાદાયી પત્ર મળ્યો. "રમેશભાઈ! તમે તો આધ્યાત્મમાર્ગના ખેડુ છો. તો પછી હર્ષ-શોક, લાભ-હાનિ જેવાં દ્વંદ્વોથી વિચલિત ન થાઓ. સત્કાર્યોમાં પ્રવૃત્ત થાઓ. જગતમાં જે કાંઈ બની રહ્યું છે તે ઈશ્વરેચ્છાએ જ બની રહ્યું છે. તેથી સુખપ્રાપ્તિમાં હર્ષ અને દુઃખપ્રાપ્તિનો શોક ન થવો જોઈએ. મનુષ્ય પોતાની અલ્પબુદ્ધિથી પ્રસંગોપાત સુખ

અને દુઃખની વ્યાખ્યા કર્યે જતો હોય છે પરંતુ આજે અમુક પ્રસંગોમાં લાગતું દુઃખ ભવિષ્યમાં સુખમાં પરિણમશે એનો ખ્યાલ પણ આપણને ક્યાં છે? તેથી "રામ રાખે તેમ રહીએ ઓધવજી રામ રાખે તેમ રહીએ." ગુરુજીનો આ પત્ર મેં અવારનવાર વાંચ્યો અને કુટુંબીજનોને પણ વંચાવ્યો. આ પત્રરૂપી ઔષધિથી અમારો આઘાતરૂપી ઘા રુઝાવા લાગ્યો. નવું બળ પ્રાપ્ત થતાં અમે સૌ ડિપ્રેશનમાંથી બહાર આવી ગયાં અને માનસિક રીતે સ્વસ્થ થવાં લાગ્યાં.

(૩) ત્યાર પછી બે-એક વર્ષ મારાં પત્નીની તબિયત અવારનવાર બગડવા લાગી. કોઈ ને કોઈ મુશ્કેલી રહેતાં અમે સૌ ચિંતામાં રહેવા લાગ્યાં. તબિયત વધુ બગડતાં હું પૂજ્યશ્રીના દર્શને "ધર્મમેઘ"માં પહોંચ્યો. સાંજે બહાર ફળિયામાં ખુરશી નાખી કશુંક વાંચતા બાપુ જાણે મારી રાહ જોઈને બેઠા હતા. મેં નમસ્કાર કરી મારી પત્નીની તબિયત વિષે વિગતવાર વાત કરી. મારી વાત સાંભળી લીધા બાદ પૂજ્યશ્રી થોડો સમય મૌન રહ્યા. આકાશ તરફ દૃષ્ટિ કરી જોઈ રહ્યા. રાત પડી ગઈ હતી. મેં રજા માગી. પૂજ્યશ્રી ઊભા થયા. તેમના રૂમમાંથી પ્રસાદ અને ચોકલેટની કોથળી લઈ આવ્યા. મને ઘેર લઈ જવા માટે પ્રસાદ આપ્યો અને શાંતિથી ઘેર જવા કહ્યું. મેં ચાલવા માટે પગ ઉપાડ્યા ત્યાં પૂજ્યશ્રી કહે, "જુઓ જગતમાં આ ચક્ર ચાલ્યા જ કરે છે. શાંતિ અને હિંમત રાખી સમજણપૂર્વકનો યોગ્ય નિર્ણય લેજો." આટલું કહી તેઓ વળી પાછા ગંભીર બની ગયા. આ ક્ષણો અને દશ્ય હું ક્યારેય વીસરી નહીં શકું.

હળવદ પાછા જઈ થોડા દિવસોમાં મારાં પત્નીને પ્રાંગધ્રા હોસ્પિટલમાં દાખલ કર્યાં. ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યાં. દોડધામ વધી ગઈ એક-એક દિવસ કિંમતી હતો. એક્સ-રે, સોનોગ્રાફી, એન્જિયોગ્રાફી, બ્લડ રિપોર્ટ વગેરે કંઈ ને કંઈ વિધિ-પ્રવિધિઓમાંથી પસાર થવા લાગ્યાં. ડૉક્ટરોની ટીમ આવી-તપાસીને ચાલી જતી. સિવિલ હોસ્પિટલ ભયંકર ભાસતી હતી. પૂજ્યશ્રી ભાવનગર ગયા હતા. મેં ભાવનગર ફોન કરી પૂજ્યશ્રીને બધી વિગત જણાવી. ગુરુજીએ જણાવ્યું કે, "મને બધા સમાચાર મળી ગયા છે. ચિંતા ના કરશો. હું ત્રણ-ચાર દિવસમાં અમદાવાદ આવું છું." પૂજ્યશ્રીએ ડૉ. સદ્ગુરુ સમર્પણભિક્ષુજીને ફોન કરીને જણાવ્યું. બીજા દિવસે ભિક્ષુજી, તેમના નાના ભાઈ ડૉક્ટર કાંતિભાઈ તથા પંકજભાઈ હોસ્પિટલે આવ્યા. મારાં પત્નીનો કેસ તપાસ્યો. જરૂરી માર્ગદર્શન આપ્યું અને કોઈ પણ જાતની ચિંતા ન કરવા જણાવ્યું. તેમણે આગ્રહપૂર્વક કહ્યું કે, "કોઈ પણ પ્રકારનું કામ હોય તો ફોન કરી નાખજો, અમે આવી જઈશું. આર્થિક મદદની જરૂર હોય તોપણ જણાવજો. કોઈ મહેમાનો આવે અને સૂવાની વ્યવસ્થા કરવાની હોય તો ફોન કરજો, અમે આવીને તેડી જઈશું." આમ, તેમણે ખૂબ જ હિંમત અને આશ્વાસન પૂરાં પાડ્યાં. પછી અવારનવાર તેઓ ખબર કાઢવા આવી જતા. શ્રી જયાનંદભાઈએ અમારી ખૂબ ના હોવા છતાં ટિફિનની વ્યવસ્થા ગોઠવી. અમારાં બીજાં સંબંધીઓને ત્યાંથી ટિફિન આવતાં હોઈ, અમે થોડા દિવસ તેમની મદદ સ્વીકારી અને પછી પરાણે તેમને સમજાવ્યા કે હવે તમે ટિફિન ના મોકલશો.

ડૉક્ટરોની જહેમત ચાલુ હતી. દિવસો પસાર થતા હતા. વીસ ટકા ઉપર કમળો પહોંચી ગયો હતો. કટોકટીની પળોમાં અમારો સંગ્રામ ચાલુ હતો. ઑપરેશન કરવું કે ના કરવું? કેસ બીજે ટ્રાન્સફર કરવો કે કેમ? ડૉકટરો નિર્ણય લઈ શકતા નહોતા. ડૉ. ધાસુરા માટે આ ચેલેન્જ આપતો કેસ હતો. મારાં પત્નીના મુખમાં "ઓમ્ ગુરુ ઓમ્"ના જપ સાથે પૂજ્યશ્રી ગુરુજીનું સ્મરણ સતત ચાલુ જ હતું. એક દિવસ મારાં પત્ની જાણે બાપુ સાથે વાત કરતાં હતાં એવું લાગ્યું. પૂજ્ય બાપુ બોલતા હોય તેમ તે બોલવા લાગ્યાં. મારાં સાસુ તેની પાસે બેઠાં હતાં. તેમને એમ થયું કે બીમારીના કારણે કાંઈ લવારી કરે છે. પત્નીની વાતચીત પરથી એવું લાગ્યું કે જાણે ગુરુદેવે તેને જણાવ્યું કે, "તું ચિંતા ના કરીશ. ગુરુવારે તારું ઑપરેશન થશે. એકવીસમા દિવસે તને રજા આપશે. હેમખેમ તમે હળવદ પહોંચી જશો. રમેશને હળવદ જવું હોય તો કાલે જાય અને બુધવારે સાંજે પાછો આવી

જાય." મારી પત્નીની આવી વાતો સાંભળી અમે સૌ આશ્ચર્યચકિત થઈ ગયા! પરંતુ કુદરતી રીતે મારી પત્નીએ કહ્યા મુજબનું ખરેખર બધું જ બન્યું.

ગુરુવારે ઑપરેશન શરૂ થયું. ઑપરેશન છ કલાક ચાલ્યું. ડૉ. ધાસુરા ઑપરેશન પતાવી બહાર આવી તેમની ચેમ્બરમાં ચાલ્યા ગયા. વૉર્ડ ડૉકટરો, નર્સો દોડધામમાં હતાં. કોઈ સંતોષકારક જવાબ આપતાં નહોતાં. હું અને મારા માસા નટવરલાલ ગભરાતા ગભરાતા ડૉકટરની ચેમ્બરમાં ગયા. ડૉકટર નિરાશાપૂર્વક માથે હાથ દઈને બેઠા હતા. અમે ઑપરેશન વિષે પૂછ્યું. તેમણે કહ્યું કે અમે બહુ મોડા પડ્યા છીએ. અમારા હોશકોશ ઊડી ગયા. અમે પૂછ્યું પણ તબિયત કેમ છે? ડૉકટરે જણાવ્યું કે, "જુઓ, હજુ એક કલાક હું કશું જ કહી શકું તેમ નથી. ઑપરેશન કરીએ તો પણ જોખમ અને ન કરીએ તો પણ જોખમ હતું. હવે તમારા ભાગ્યની વાત છે." મારો નાનો ભાઈ અતુલ કે જે એક મહિનાથી રાત-દિવસ દોડા કરતો હતો; ઑપરેશનના દિવસની પરિસ્થિતિ, થાકોડો, ભૂખ અને ચિંતાના કારણે તેને ચક્કર આવી ગયા અને પડી ગયો. જેમ તેમ, માંડ માંડ આ એક વર્ષ જેવો લાગેલો એક કલાક પસાર કર્યો. ડૉકટર ફરી પાછા ઑપરેશન થીયેટરમાં ગયા અને તપાસીને થોડી વારે ચેમ્બરમાં પાછા આવી અમને બોલાવ્યા. ઢીલા પગલે અને ભય સાથે અમે તેમની પાસે ગયા. તેઓ બોલ્યા, "તમારું નામ શું?" મેં કહ્યું, 'રમેશભાઈ'. "તમે શું કરો છો?" 'શિક્ષક છું.' "સારું જુઓ હવે કાંઈ ચિંતા જેવું લાગતું નથી." મેં કહ્યું કે તમે જહેમત લઈને બચાવી લીધાં એ બદલ તમારો ખૂબ ખૂબ આભાર. તમે ડૉકટરો તો દેવ કહેવાવ, દર્દીઓને નવું જીવનદાન આપો છો. તેઓ આશ્ચર્યના ભાવ સાથે કહે :

"હું સાવ સાચું કહું તો આ ઑપરેશન કરતાં કરતાં હું નર્વસ થઈ ગયો હતો. ધાર્યું હતું કાંઈ અને નીકળ્યું કાંઈ. ઑપરેશન મોટું થઈ ગયું. મને પણ પરસેવો વળી ગયો. ખરેખર, જાણે આ ઑપરેશન મેં કર્યું છે કે બીજું કોઈ આવીને કરી ગયું એ જ નથી સમજાતું. કોઈ દૈવી શક્તિ કામ કરી ગઈ. તમારા કોઈ ગુરુ, વડીલો કે દેવ-દેવીની આશિષ કામ કરી ગઈ. અમે તો અમારો પૂરતો પ્રયત્ન કરીએ, બાકી તો સો ટકાનું જોખમ હતું. તમે જીવનમાં કાંઈ સારું કામ કર્યું હશે એ આડું આવ્યું. આવા સંજોગોમાં માત્ર પૈસા કામ નથી લાગતા, દવાઓ એકલી કામ નથી આવતી; સાથે સાથે દુઆની પણ જરૂર હોય છે. અમે પ્રયત્ન કરીએ પણ આખરે તો ઈશ્વરની ઈચ્છા મુજબ જ થાય છે. તમે ભાગ્યશાળી છો. બહેન બચી ગયાં છે. હવે ચિંતા ના કરશો."

મેં મનોમન પરમાત્મા અને ગુરુદેવનો આભાર માન્યો. પછી તો અમે વિશ્વાસ અને ઉત્સાહમાં આવી ગયાં. વોર્ડના બીજા દર્દીઓ ઉપર ધ્યાન આપવા લાગ્યાં, તેમને જરૂરી મદદ કરવા લાગ્યાં. મારાં પત્નીની તબિયત દિન-પ્રતિદિન સુધરવા લાગી. રજા આપવાની તારીખ નક્કી થઈ. હળવદ જવાના આગલા દિવસે મણીનગર જઈ ગુરુજીનાં દર્શન કરવાં તેમ નક્કી કરેલ.બે દિવસ સુધી અમે વોર્ડના ડૉકટરને વાત કરતા રહ્યાં. તેમણે કહ્યું, "હું કંઈ ના કહી શકું, મારાથી જવાબદારી ના લેવાય. સાંજે સાહેબ આવે ત્યારે પૂછી લઈશું. પરમીશન આપે તો જજો." સાંજે ડૉ. ધાસુરા રાઉન્ડમાં આવ્યા. અમે તેમને વાત કરી કે જો તમે રજા આપો તો આવતીકાલે અમે અમારા ગુરુજીનાં દર્શન કરી આવીએ. ડૉકટર અમારી વાત સાંભળીને ખુશ થયા અને કહે કે, "ભલે, ભલે; દર્શનનું કામ પહેલાં કરો. ચોક્કસ જઈ આવો." ડૉકટરની પરમીશન મળતાં અમે બીજા દિવસે ગાડી કરીને મણીનગર પહોંચ્યાં. પૂજ્ય ગુરુદેવ રાહ જોઈને જ બેઠા હતા. ગુરુજીએ મારાં પત્નીને ખુરશીમાં બેસવા જણાવ્યું. અમે ભેટપૂજા, પ્રસાદ, ફૂલહાર કરીને ગુરુજીને પ્રણામ કર્યા. થોડી વાર મૌન રહીને ગુરુજી બોલ્યા, "અત્યારે આવી પરિસ્થિતિમાં અહીં આવવાની શું જરૂર હતી? બાપુને નહોતા જોયા? ત્યાં બેઠાં બેઠાં દર્શન ના કરી લેવાય? માંડ સારું થતું હોય એમાં હડદો લાગે અને કોઈ તકલીફ થઈ જાય તો?" મેં ધીમેથી કહ્યું કે ગુરુજી! આપની દયાથી તો સારું થયું છે. પછી ગુરુજીએ અમારી સાથે થોડી વાતો કરી, જરૂરી સલાહ-સૂચન આપ્યાં. અને જ્યારે હળવદ જઈએ ત્યારે સારા રસ્તે ગાડી ધીમે ચલાવીને જવું એવી ખાસ સૂચના આપી. અમે ગુરુજીની રજા લઈને હોસ્પિટલ પાછાં ફર્યાં.

હોસ્પિટલમાં બીજા દિવસે એટલે કે ઓપરેશનના બરાબર એકવીસમા દિવસે રજા મળતાં શ્રદ્ધાબળે જીવતદાન મેળવી અને હેમખેમ હળવદ પહોંચી ગયાં. હળવદ પહોંચી ગુરુજીને ફોન કર્યો. અમારા કુટુંબી, સગાંસ્નેહી અને શેરી-ગામનાં લોકોમાં આનંદ વ્યાપી ગયો. જીવનના ઝંઝાવાતોમાં આણીના સમયે આવી મહત્ત્વની ઓથ મળી જાય તો દુઃખ, સુખમાં પલટાઈ જાય છે. પૂજ્યશ્રી સાથે મારે લેણું હશે. બાકી મેં તેઓને કાંઈ આપ્યું નથી કે કોઈ પણ પ્રકારે સેવા કરેલ નથી. ગુરુદેવ પોતાના ભક્તો, પ્રેમીઓ, શિષ્યો વગેરેનાં કાર્યો માટે હાજરાહજૂર જ હોય છે. ઓમ્ ગુરુદેવાય નમઃ.

# મારી નાડ તમારે હાથ

## (તા. ૫-૩-૯૮ - ગુરુવાર)

– ગુરુપાદપંક

પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી "ધર્મમેઘ"ના પ્રાંગણમાં સાયંકાળે આંટા મારતા હતા. આ પૂજ્યશ્રીનો રોજનો ક્રમ હતો. ભક્તો વારાફરતી દર્શન કરવા આવી રહ્યા હતા. થોડી જ વારમાં પૂજ્યશ્રી વરંડામાં આવ્યા અને ખુરશીમાં બિરાજ્યા. પૂજ્યશ્રી બેઠા એટલે ઉપસ્થિત ભક્તોએ પૂજ્યશ્રીને નમસ્કાર કર્યા. પૂજ્યશ્રીએ સૌ ઉપર કૃપાદૃષ્ટિ કરી અને જયનારાયણ કર્યા.

થોડાક સમયથી પૂજ્યશ્રીની તબિયત નરમગરમ રહેતી હતી. થોડીક ગેસની તકલીફ પણ હતી. ગુરુભક્ત શ્રી યજ્ઞેશભાઈ કે જેઓ કુદરતી ઉપચાર અને એક્યુપ્રેશરના જાણકાર છે, તેઓ રોજ પૂજ્યશ્રીના ઉપચાર અર્થે આવતા અને સેવાનો લાભ લેતા. રોજના નિયમ મુજબ આજે પણ તેઓ આવ્યા અને પૂજ્યશ્રીના ચરણને ધીમેથી હાથમાં લઈ ઉપચાર કરવા માંડ્યા.

પૂજ્યશ્રી શાંત બેઠા હતા. ભાવમુદ્રામાં હતા. આંખો બંધ હતી. થોડા સમય બાદ અચાનક જ તેઓનો વાણીપ્રવાહ વહેવા લાગ્યો.

"હમણાં હમણાં અમને સ્વપ્નો બહુ આવે છે. નહીં જોયેલું ઘણું બધું જોવામાં આવે છે. આજે પણ એક સ્વપ્ન આવેલું. અમે ક્યાંક ગયા હતા. ત્યાં અમે અમારા મામાને જોયા. અમે પૂછ્યું કે, મામા કેમ છો? મજામાં ને? વળી પૂછ્યું કે આપ તો ગુજરી ગયા હતા અને અહીં ક્યાંથી?! આ સિવાય પણ મામા સાથે બીજી ઘણી બધી વાતો કરી અને ત્યાંથી આગળ ગયા. આગળ જતા હતા ત્યારે બીજા ચાર-પાંચ ભાઈઓ મળ્યા. તે સૌને અમે કહ્યું કે આજે તો અમે મામા સાથે બહુ વાતો કરી. પેલા ભાઈઓ કહે કે, 'એ તો દેવ થઈ ગયા છે, તમે કેવી રીતે વાતો કરી?! અમે કહ્યું કે અમે તો હમણાં જ વાતો કરીને આવીએ છીએ, આટલી વાતો કરી ત્યાં તો સ્વપ્નભંગ થયો. અમે જાગૃત અવસ્થામાં આવી ગયા. સ્વપ્નનો વિચાર કરતાં જણાયું કે સ્વપ્નમાં મામા સિવાયના જે જે ભાઈઓને અમે મળેલા તે સૌ પણ મૃત્યુ પામ્યા હતા. અસ્તુ."

પૂજ્યશ્રીના સ્વપ્નની વાત સાંભળી પૂજ્યશ્રી પ્રત્યે અહોભાવની લાગણી પ્રગટી. મને એમ જ લાગ્યું કે જાણે પૂજ્યશ્રી પોતાનું ચૈતન્ય સ્વરૂપ બતાવી રહ્યા છે. ચૈતન્ય જ ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં ફરી શકે, વાતો કરી શકે. મારા મનમાં આવા વિચારો ચાલતા હતા. પૂજ્યશ્રી પણ સ્વપ્નની વાતો કરી થોડો સમય મૌન રહ્યા. વળી પાછો વાણીપ્રવાહ આગળ ચાલ્યો.

"બીજ વાવ્યા પછી તે કેવી રીતે ઊગે છે તે જોવા માટે રોજ તેની આજુબાજુની માટી ઉખાડવી ન જોઈએ. તેમ કરવાથી તો બીજ ઊગે જ નહીં. તેને તો એમને એમ રહેવા દઈ, નિયમિત ખાતર-પાણી આપી બીજ ઊગવાની રાહ જોવાય."

ફક્ત આટલું જ બોલી ફરી પાછું મૌન. અને પૂજ્યશ્રીના મૌનની સાથે મારા વિચારોની હારમાળા ચાલુ. પૂજ્યશ્રી શું કહેવા માગતા હશે? ગુરુનિષ્ઠાનું બીજ મનમાં વાવ્યા પછી શંકા-કુશંકારૂપી માટીને રોજ

ઉખેડ્યા વગર શ્રદ્ધાનું ખાતર અને ગુરુસેવાના જળથી સિંચન કરશો તો જ આત્મોન્નતિના ફળની પ્રાપ્તિ કરી શકશો; કે પછી સાચી સમજણનું બીજ વાવ્યા બાદ તેને ધીરજ અને ગુરુશ્રદ્ધારૂપી ખાતર-પાણીનું સિંચન કરવું જોઈએ. પૂજ્યશ્રીએ કરેલી વાતનો ગૂઢાર્થ શોધવાનું ચાલુ હતું ત્યાં જ પૂજ્યશ્રીએ સત્સંગ આગળ વધાર્યો.

"અમે અમેરિકા ગયા હતા ત્યારે ત્યાંના એક સંતને પૂછેલું કે 'અલક્ષ્યલિંગ' એટલે શું? શાબ્દિક અર્થ તો એવો જ કરી શકાય કે લિંગ ન દેખાય તેવું વસ્ત્ર પહેરવું એટલે કે કૌપીનધારી. આ તો થયો માત્ર શાબ્દિક અર્થ પણ તેનો ગૂઢાર્થ શું હોઈ શકે? જવાબ આપવાનું કાર્ય ઘણું અઘરું છે."

પૂજ્યશ્રી આટલું બોલી અટકી ગયા અને જવાબ આપવાનું કાર્ય ભક્તો ઉપર છોડ્યું. મને તો એમ જ લાગ્યું કે જાણે પૂજ્યશ્રીએ પરોક્ષ રીતે પોતાની અણલિંગી પદપ્રાપ્તિની જાણ ઉપસ્થિત ભક્તોને કરી. અસ્તુ.

પૂજ્યશ્રીને પોતાના ભક્તોના સ્વાસ્થ્યની ખૂબ ચિંતા. મને કહે કે, "તમારો હાથ લાવો, નાડી તપાસું. જોઉં કેટલી થાય છે?" હું પૂજ્યશ્રીની પાસે ગયો. પૂજ્યશ્રીના હાથમાં હાથ આપતાં મેં અવર્ણનીય રોમાંચ અનુભવ્યો. હૃદય પ્રફુલ્લિત થઈ ગયું. પૂજ્યશ્રીએ નાડી ગણી તો ૯૬ થઈ. મને કહે કે, "પંકજભાઈ! તમે તો ક્યારના બેઠા છો, એ મુજબ આટલી નાડી વધારે કહેવાય." આટલું કહી ત્યાં હાજર સૌ ભક્તોની નાડી જોઈ. નાડી જોઈ જે ભક્તો નિયમિત આવતા પણ આજે હાજર નહોતા તે સૌના ખબર-અંતર પૂછ્યા.

હું પૂજ્યશ્રીની કરુણા જોઈ ગદ્‌ગદ્ થઈ ગયો. પૂજ્યશ્રી ગુરુદેવે હાથમાં હાથ લઈ મારી નાડી જોઈ ત્યારથી જ મેં ધન્યતા અનુભવેલી. મનમાં આપોઆપ જ વિચાર આવ્યો કે, હે પરમપિતા ગુરુદેવ! મારી નાડ આજે હાથમાં લીધી તે કાયમ તમારા હાથમાં જ રાખજો. મારો પકડેલો હાથ છોડશો નહીં.

**મારી નાડ તમારે હાથ ઓમ્ ગુરુદેવ,**
**એને રાખજો તમારી પાસ ઓમ્ ગુરુદેવ.**

સમય થતાં સૌ ભક્તોએ પૂજ્યશ્રીને નમન કર્યા અને પ્રસાદ લઈ વિદાય થયા. હું ઘેર જતાં જતાં આજના સત્સંગના વિચારોમાં ખોવાઈ ગયો. પૂજ્યશ્રીના અપ્રગટ સ્વરૂપનાં દર્શન પામવાનો મોકો મળ્યો. એમ જ લાગ્યા કરે કે આજે તો મારાં ભાગ્ય ખૂલી ગયાં. ઘણા સમયે આજે મેં આટલી બધી આનંદોર્મિ અનુભવી. પૂજ્યશ્રી કાયમ મારા ઉપર પ્રસન્ન રહે એવાં કાર્યો હું કરી શકું એવી જ તેઓને પ્રાર્થના.

## કર્ની (અમેરિકા)માં ગાયત્રી-મારુતિ યજ્ઞ
## (તા. ૨૧-૮-૯૩)

આજે કર્નીમાં શ્રી કિશોર દેસાઈના ઘેર સંગીતમય ગાયત્રી-મારુતિ યજ્ઞ, પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજની છત્રછાયામાં સંપન્ન થયો. યજ્ઞનું આયોજન પર્યાવરણ પરિશુદ્ધિ અર્થે ઓમ્‌પરિવાર-અમેરિકાના ઉપક્રમે થયું. ઘણે દૂર-દૂરથી ઓમ્‌પરિવારનાં ભાઈ-બહેનોએ યજ્ઞનો લાભ ઉમળકાભેર લીધો. સૌ બે કલાક સુધી ગાયત્રીમંત્ર તથા મારુતિમંત્ર દ્વારા આહુતિ આપતાં રહ્યાં. યજ્ઞ-વિજ્ઞાન વિષે સમજૂતી આપતાં પૂજ્ય યોગભિક્ષુજીએ કહ્યું :

યજ્ઞાગ્નિમાં અપાતી આહુતિઓના (ઘી તથા ઔષધિના) અણુપરમાણુઓ અગ્નિ દ્વારા ભેદાઈને અતિ સૂક્ષ્મ થઈને વાતાવરણમાં ફેલાવા-ઊભરાવા લાગે છે. મંત્ર બોલી રહ્યા પછી નાક દ્વારા લેવાયેલ શ્વાસમાં તે અણુઓ ફેફસામાં પહોંચે છે અને ત્યાંથી આખા શરીરને પ્રભાવિત કરે છે. મંત્ર બોલતી વખતે પ્રશ્વાસ દ્વારા ઝેરી વાયુ બહાર નીકળીને યજ્ઞાગ્નિના સ્પર્શે ભસ્મ થઈ જાય

છે. યજ્ઞમાં સતત આ ક્રિયા-પ્રક્રિયા ચાલ્યા કરે છે. 'સ્વાહા' બોલતી વખતે ઝટકા સાથે, ફેફસાના છેક છેડાનો ઝેરી વાયુ પણ બહાર ફેંકાઈ જાય છે. શુદ્ધ ઘી તથા અમૂલ્ય ઔષધિના અણુપરમાણુઓ અગ્નિ દ્વારા સૂક્ષ્માતિસૂક્ષ્મ થઈને ક્રમસેક્રમ ત્રણ-ત્રણ કોશને આવરી લે છે અને તેથી તેટલા ક્ષેત્રમાં વસતાં મનુષ્ય, પશુ, પક્ષી ઇત્યાદિ જીવોને પ્રભાવિત કરે છે. ઔષધિના અણુઓ સીધા જ ફેફસામાં પહોંચાડી શકવાનું ઉત્તમ સાધન યજ્ઞ છે. યજ્ઞવિજ્ઞાન એ તો ઋષિઓની મૌલિક શોધ છે અને વિશ્વને તેઓની બહુમૂલ્ય ભેટ છે. આપણે તો હવે તેનો લાભ જ લેવાનો છે. ભિન્ન-ભિન્ન મંત્રો દ્વારા અને જુદી-જુદી ઔષધિઓ દ્વારા વિલક્ષણ પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. લાલ મરચાનો ટુકડો આપણી સામે પડ્યો હોય તો તેની આપણા ઉપર કાંઈ જ અસર થતી નથી પરંતુ જ્યારે તે અગ્નિમાં પડે છે ત્યારે દૂર સુધીના માણસોને છીંકો આવે છે. તે તેની સાબિતી છે કે તેના અણુઓ ત્યાં સુધી પહોંચી ગયા. વળી ઘણી ઔષધિ એવી હોય છે કે નાક દ્વારા સુંઘાડવાથી મૂર્છા આવી જાય છે, જેમકે ક્લોરોફોર્મ. અને અમુક ઔષધિઓ એવી હોય છે કે તે સુંઘાડતા મૂર્છા ઊતરી જાય છે, જેમકે હિસ્ટિરીયા વખતે ડુંગળી. અસ્તુ.

આજના આ પ્રસંગે ત્રણ બટુકોને તથા એક ગૃહસ્થને પણ જનોઈ ધારણ કરાવી. જનોઈના ત્રણ દોરા તથા ગાયત્રી મંત્રની મહત્તા દર્શાવતાં પૂજ્યશ્રીએ એક પ્રભાવશાળી દૃષ્ટાંત આપ્યું :

એક નિર્ધન બ્રાહ્મણ નિર્ધનતાથી કંટાળીને-ત્રાસીને એક ધનવાન મેલી વિદ્યાના જાણકારના શરણમાં ગયો. પેલાએ કહ્યું કે "મહારાજ મારી બતાવેલી સાધના તમારાથી નહીં થઈ શકે." પણ બ્રાહ્મણ તો નિર્ધનતાના દુઃખથી વિવેકભ્રષ્ટ થઈ ગયો હતો. તેથી ન કરવાનું બધું કરવા તૈયાર થઈ ગયો. રાત્રે સ્મશાનમાં જઈને, મુડદા પર બેસીને, દારૂ-માંસનો ભોગ ધરાવીને બ્રાહ્મણે તો પેલા ગુરુના માર્ગદર્શનમાં રહીને ધનપ્રાપ્તિની સાધના કરવા માંડી. સાધનાનો સમય પૂરો થયો એટલે એક ગેબી અવાજ આવ્યો કે "માંગ, માંગ". બ્રાહ્મણે મુડદા પર બેઠાં બેઠાં જ આંખો ખોલી પણ કાંઈ દેખાયું નહીં. "આ તો ખાલી મારી ભ્રમણા છે." એમ માનીને તેણે આંખો બંધ કરીને મંત્રજાપ ચાલુ રાખ્યા. પણ ફરીને 'માંગ-માંગ'નો અવાજ આવ્યો. ત્યારે બંધ આંખે જ તેણે કહ્યું કે આપ દેખાતા કેમ નથી, પ્રગટ થઈને મારી સામે આવો. તો જવાબ મળ્યો કે, "તારા ખભે જે જનોઈ છે તે કાઢીને એક બાજુ મૂકી દે તો હું સામે આવી શકું. જનોઈની હાજરીમાં સામે આવું તો બળીને ભસ્મ થઈ જાઉં." જનોઈની આવી મહત્તા જાણીને બ્રાહ્મણના ગર્ભ-સંસ્કાર પુનઃ સજીવન થયા. તેને થયું કે "કાંખમાં છોકરું અને હું બીજે ક્યાં ગોતું? મારી પાસે મહામંત્ર ગાયત્રી જેવી મહાવિદ્યા-મહાશક્તિ છે અને હું બીજા મંત્ર પાછળ ગાંડોઘેલો થઈને કાં ભાગું?!" છેવટે તેણે અશુદ્ધ સાધના-સામગ્રી ફેંકી દીધી, ગાયત્રીની શરણ પકડી લીધી.

જનોઈના ત્રણ ધાગા વિષે સમજાવતાં પૂજ્યશ્રીએ કહ્યું કે ત્રણ ધાગા તે ગાયત્રીના ત્રણ પદ-પાદના પ્રતીક છે. તેની ત્રણ ગાંઠો એ અ, ઉ અને મ્ – ઓમ્‌ની પ્રતીક છે. જનોઈના ત્રણ ધાગા સતત એ યાદ આપે છે કે "મારે રોજ ત્રિપદાના જપ કરવાના છે." જનોઈ ધારણ કર્યા પછી ગાયત્રીમંત્ર જપવાનો સાચો અધિકાર પ્રાપ્ત થાય છે. જનોઈ ધારણ કરનારે ગાયત્રીમંત્રની ઓછામાં ઓછી એક માળા તો કરવી જ જોઈએ. જનોઈ ધારણ કરાવનાર વ્યક્તિ પણ અધિકારી હોવા જોઈએ.

પૂજ્યશ્રીએ હનુમાનજી વિષે કહ્યું કે :

હનુમાનજી જ કળિયુગમાં અતિ ઉપયોગી દેવ છે. વિલાસી યુગમાં અને વિલાસી દેશમાં સંયમી દેવની ઉપાસના જ અતિ ઉપયોગી સાબિત થઈ શકે. વિકારોને બહેકાવે તેવી નહીં પરંતુ વિકારો ઉપર કાબૂ રહે તેવી પ્રેરણાની જરૂરત છે. વર્તમાનકાળમાં ગાયત્રીની અને મારુતિની સાધના પરસ્પર પૂરક છે.

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पतिवडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

● **ટ્રસ્ટના ઉદ્દેશો :-**

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્ -ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ' નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

## લવાજમ દર :-

વાર્ષિક સભ્ય (ભારતમાં) ...રૂા. ૩૦-૦૦
આજીવન સભ્ય(ભારતમાં) ...રૂા. ૫૦૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ...૧૫ $
આજીવન સભ્ય(પરદેશમાં)...૧૫૧ $

## લવાજમ મોકલવાનું તથા "ૠતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :-


(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૩/બ, પલિયડનગર
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.


## સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ"ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.


**PRINTED BOOK**
Registrar of News Papers of India under Regd.No.48770/90
L-5/131/QTY./34/90-91

To,

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad.
Hon. Editor : Naishadh Vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T. Exe. U/S-80 G (5) No. H.Q. III/33 (821) 2000-01 Up to MARCH-2005.